**શ્રી રાજ શ્યામાજી**

# ॥ શ્રી મેહેર સાગર ॥

*(ગુજરાતી ભાવાર્થ સહિત)*

**પ્રકાશક**

**શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા**

આજવા-નિમેટા ક્રોસિંગ, ને.હા.-૮ બાયપાસ, પો. સયાજીપુરા,

વડોદરા - ૩૯૦ ૦૧૯. ફોન : ૦૨૬૫-૩૨૪૦૧૬૮,

પ્રબંધક : મો. ૯૫૫૮૮ ૦૦૧૨૪

સર્વ હક્ક પ્રકાશકને આધીન

**શ્રી મેહેર સાગર**

*(ગુજરાતી ભાવાર્થ સહિત)*

**પ્રથમ આવૃત્તિ – ૧,૦૦૦ નકલ**

**બુધ્ધજી શાકા – ૩૩૧, વિક્રમ સંવત ૨૦૬૬, જુલાઈ ૨૪, ૨૦૧૦ ગુરૂપૂર્ણિમા**

**અન્ય પ્રાપ્તિ સ્થાન**

**શ્રી નિજાનંદ આશ્રમ,** રતનપુરી, વાયા ખતૌલી, યુ.પી. ૨૫૧૨૦૧

ફોન: ૦૧૬૯૬-૨૮૨૨૨૨

**શ્રી પ્રાણનાથજી મંદિર,** મેશ્વો ડેમ રોડ, શામળાજી, ગુજરાત.

ફોન: ૦૨૭૭૧-૨૪૦૭૭૧

**શ્રીજી સાહેબજુ સેવાશ્રમ,** જરમાળા, વાયા-અનારા, કપડવંજ રોડ, જિ.ખેડા ફોન

ફોન: ૦૨૬૯૧ – ૨૪૬૭૪૯

***Shri Nijanand Foundation Inc., U.S.A.***

***Lord Pran-Nath Divine Center, U.S.A.***

*8062 Eisenhower Pkwy, Lizella, GA 31052-3202*

*260 Tabb Avenue, Piscataway, NJ 08854; Ph: 732-968-6336*

Internet: www.nijanand.org; E-mail : pranam@nijanand.org

**ISBN#**978-0-9794292-2-4

**મુદ્રક – દર્શન પ્રિન્ટર્સ**

મેમ્કો-બાપુનગર રોડ, અમદાવાદ. ફોન : 079-65455963

# સમર્પિત

*આત્મ જાગૃતિ માટે પ્રેરણાસ્રોત એવા સદ્‌ગુરુ સ્વરૂપ*
***ધર્મવીર જાગણીરત્ન પૂ.સરકાર શ્રી જગદીશચંદ્રજીનાં લાડીલાં;***
*પોતાના મધુર કંઠે શ્રી ધણીજીની મેહેરની મહિમાનું ગાયન કરી*
*સૌનાં હૈયામાં માધુર્યભાવ ભરનારાં પૂ. બહેનશ્રી આશાબેન;*
*શ્રી મેહેરસાગરનું નવપ્રકાશન કરવા પ્રેરણા આપનાર*
*અનન્ય નિષ્ઠામૂર્તિ એવા પૂ.શ્રી નરોત્તમદાસ (બાપુજી);*
*વર્તમાનમાં બ્રહ્મજ્ઞાનના પ્રવાહ દ્વારા મેહેરની લહેરોની અનુભૂતિ કરાવનાર*
*પૂ. શ્રી અનિલભાઈ શ્રીવાસ્તવ તથા પૂ.શ્રી રાજનસ્વામી;*
*આપણા સૌના હૈયામાં અવનવા જાગણી પ્રયોગો દ્વારા*
*મેહેરનો દરિયો ઠાલવવા સતત થનગનતા એવા*
*પૂ.શ્રી રમણભાઈ કે. પટેલ તથા*
*શ્રી વ્હાલાજીની પૂર્ણ મેહેરના અભિલાષી*
*સમસ્ત આત્મ-સંબંધી સુંદરસાથજીના ચરણોમાં*
*'સર્વરસ' ભર્યા ભાવે સમર્પિત*

સંપાદન
નરેન્દ્ર આર.પટેલ તથા શારદાબેન સી.પટેલ, યુ.એસ.એ.



# મેહેર સાગર

'સાગર' એ અનંત, અમાપ શક્તિ, વિશાળતા, ગાંભીર્ય, ઊંડાઈ, વૈવિધ્યતા, શોભા, ઐશ્વર્ય, પ્રેમ તથા જીવન અસ્તિત્વના આધારનો પ્રતિક છે. સાધારણ માનવીય બુધ્ધિથી સમજી શકાય તેથી સચ્ચિદાનંદ પારબ્રહ્મ પરમાત્માને સાગર સ્વરૂપે દર્શાવવામાં આવેલ છે.

સામાન્ય દષ્ટિએ મેહેરનો અર્થ કૃપા, અનુકંપા, દયા કે *grace* થાય છે. જગતજનો પરમાત્મા વિશે વિવિધ પ્રકારની માન્યતાઓ ધરાવે છે. વળી, જગતમાં ભક્તો પર જે તે ઈષ્ટની કૃપા પણ વિવિધ રૂપે થતી જ હોય છે. એટલે કૃપાની મહિમા તો સર્વત્ર છે જ. તેમ છતાં,મનુષ્યે પુરુષાર્થ કરવો તો જરૂરી છે જ. એટલે જ કહેવાય છે કે 'મનુષ્ય યત્ન, ઈશ્વરકૃપા'. પરંતુ મનુષ્યે તેના પુરૂષાર્થ, લાયકાત, ક્ષમતા કે ધાર્યાથી પણ વિશેષ મૂલ્યવાન ઉપલબ્ધિ થવી એ પરમાત્માની કૃપા જ કહેવાય, કારણ કે અંતતઃ તો બધુ આપનાર એ એક પરમાત્મા જ છે. આપણને પરમાત્માનો પ્રેમ મળવો, તેમની પંચવિધ દિવ્યશક્તિઓ પ્રાપ્ત થવી, પરમ દિવ્ય સ્વરૂપ સાથે પોતાના હૃદયના તાર બંધાઈ જવા-આ સર્વ ઉપલબ્ધિઓને મેહેર કહેવાય. પરંતુ શ્રી પ્રાણનાથજીની દષ્ટિએ અક્ષરાતીત પારબ્રહ્મ (શ્રી રાજજી)ના હૃદયકમળમાં પોતાની આનંદસ્વરૂપા શ્રી શ્યામાજી તથા બ્રહ્મસૃષ્ટિ આત્માઓને દિવ્ય અનન્ય પ્રેમ દ્વારા રિઝાવવા માટે, પોતાનું સર્વસ્વ લૂંટાવી દેવાની જે અસ્ખલિત પ્રવૃત્તિ છે એ જ 'મેહેર'નું વાસ્તવિક તથા પૂર્ણ સ્વરૂપ છે. આમ 'મેહેર' એ તો આત્માને પરમાત્મા તરફથી મળેલી સૌથી મોટી ભેટ છે. બાઈબલ *(કીંગ જેમ્સ આવૃત્તિ)*માં '*grace*' શબ્દ લગભગ ૧૭૦ વાર અને શ્રી કુલજમ સ્વરૂપમાં તો મેહેર, કૃપા, ગુણ, દયા, અહેસાન આદિ સમાનાર્થી શબ્દો પાંચસોથી પણ વધુ વાર પ્રયોગ થયેલ છે. ગુજરાતી ભાષાનો

'મેહેર' શબ્દ જ શ્રીમુખવાણીમાં 'મેહેર' તરીકે પ્રયુક્ત થયેલ છે. તેથી આ પ્રકાશનમાં પણ 'મેહેર' શબ્દ એ પ્રમાણે જ તેના મૂળ રૂપમાં વાપર્યો છે. પ્રિયતમ પરબ્રહ્મની અંગના હોવાના ભાવને લઈને આત્માને પુલ્લિંગને બદલે સ્ત્રીલિંગ જ નિરૂપેલ છે.

પારબ્રહ્મ સ્વયં પૂર્ણ આનંદના સ્વરૂપ છે. એમનું પરમધામ પણ સર્વથા પૂર્ણ છે. મેહેરસાગર એમના હૃદયકમળના સર્વ ભાવોનું પૂર્ણ સ્વરૂપ દર્શાવે છે. આ સંસારમાં પણ મેહેરનો પ્રવાહ અનંતરૂપે વહ્યા જ કરે છે. તેમાં કોઈપણ પ્રકારની કમી ક્યારેય આવતી નથી. જેવી રીતે અનંત પરમધામમાંથી અનંત કાઢી લેવામાં આવે તો પણ તેમાં અનંત જ બાકી રહે છે, એવી રીતે મેહેરના સાગરના સુખની કેટલીયે લૂંટ ચલાવવામાં આવે તો પણ તેમાં કદી કોઈ પણ પ્રકારે અપૂર્ણતા આવતી નથી.

**પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાડવશિષ્યતે ॥**

બૃહદારણ્યકોપનિષદના આ કથનનું વાસ્તવિક તાત્પર્ય આત્માને શ્રી મેહેરસાગરનું સ્વરૂપ આત્મસાત્ થવાથી, એટલે કે તેમાં નિહિત તમામ પ્રકારનાં સુખની અનુભૂતિ થવાથી સમજી શકાય છે.

### મેહેર સૌ પર, પરંતુ વિવિધ પ્રકારે!

શ્રી મુખવાણીનું કથન છે કે, વર્તમાન જગતમાં મનુષ્ય યોનિમાં ત્રણ પ્રકારની સૃષ્ટિ અવતરેલ છે. આદિનારાયણ ભગવાનના ચિદાભાસ સ્વરૂપ જીવસૃષ્ટિ, અક્ષરબ્રહ્મની સુરતા સ્વરૂપ ઈશ્વરીસૃષ્ટિ તથા અક્ષરાતીત પારબ્રહ્મની આત્માઓ – બ્રહ્મસૃષ્ટિ. આ ત્રણે ઉપર પરબ્રહ્મની મેહેર વિવિધ પ્રકારે સદા વરસતી જ રહે છે. *કૃપા હૈ કઈ વિધ કી, એ જો તીનોં સૃષ્ટ ઉપર । (કિરંતનઃ ૭૯/૧૪)*



શ્રી મુખવાણી મેહેરને ત્રણ પલ્લાના ત્રાજવાથી તોલવાનો બોધ કરાવે છે. એક પલ્લામાં મેહેર, બીજામાં કર્મ અને ત્રીજામાં અંકૂર (મૂળ નિસ્બત). આ ત્રણેનું સમતુલન બિંદુ પ્રત્યેક વ્યક્તિ માટે અલગ અલગ હોઈ શકે અને તે પ્રમાણે તે મેહેરને અનુભવે. એકનો પ્રભાવ બીજા પર અવશ્ય પડે જ છે, એવો એ ત્રણેનો હંમેશનો પરસ્પર સંબંધ છે. વ્યક્તિ પર જેવી કૃપા તેવાં તેનાં કર્મો (કરની). જેવાં કર્મો તેવી તેના ઉપર પરમાત્માની કૃપા વરસે. 'કૃપા' વ્યક્તિને કયાં કર્મો કેવી રીતે તથા કયા ભાવથી સંપન્ન કરવાં તે બાબતે સદૈવ સજાગ રહેવા કહે છે. તેમાં પછી એવું નથી કે કૃપા છે માટે છૂટો દોર મળી ગયો! અતઃ *કૃપા કરની માફક, કૃપા માફક કરની । (કિરંતનઃ ૭૯/૧૫)* એટલું જ નહિ પણ, કૃપા અને કરણીની ઉત્કૃષ્ટતા જે તે વ્યક્તિના અંકૂર-મૂળ નિસ્બત દ્વારા નિશ્ચિત થાય છે. અતઃ એ *દોઊ (કૃપા અને કર્મ) માફક અંકુર કે, કૈ વિધ કૃપા જાત ન ગિની ॥ (કિરંતનઃ ૭૯/૧૫)* આમ, મેહેર કે કૃપા પ્રત્યેક વ્યક્તિ પર અનેક પ્રકારે વરસતી રહે છે.

### મેહેરનું પૂર્ણ સ્વરૂપ

જે બ્રહ્માત્મા (સુંદરસાથ)ને અક્ષરાતીત ધામધણીના દિલનાં વિવિધ અંગો (નૂર, જોશ, ઈશ્ક, હુકમ, ઈલમ, આદિ) આત્મસાત્ થયાં હોય, તે મેહેરના આ સર્વાંગી સ્વરૂપને જાણી શકે છે. જીવ, ઈશ્વરી અને બ્રહ્મ - આ ત્રણેય સૃષ્ટિ પર પારબ્રહ્મ શ્રી રાજજીની મેહેર વિવિધ પ્રકારે તથા શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને પર-આત્મિક આ સર્વ સ્તરે થાય કે અનુભવાય છે. આને જ મેહેરનું સંયુક્ત પૂર્ણ સ્વરૂપ પણ કહેવાય છે.

અતઃ તમામ સૃષ્ટિ જાહેરી અને બાતૂની - આ બંને પ્રકારની મેહેર શ્રી રાજજીના હૃદયના લાડરૂપે અનુભવે તો છે જ. પરંતુ

આત્મિક તથા પર-આત્મિક સ્તરે અનુભવાતું મેહેરનું સ્વરૂપ જ સર્વશ્રેષ્ઠ છે, જે પરમ આધ્યાત્મિક લક્ષ્ય સિધ્ધ કરાવનાર છે.

જીવનો સંગ કરીને માયાવી સંસારનો અનુભવ કરી રહેલ આત્મા (જીવ+આત્મા=જીવાત્મા) જ્યારે શ્રી ધામધણીજીની મેહેરનો અહેસાસ કરે છે, ત્યારે તેમાં મહદ્ અંશે મિશ્રિત પ્રકારની મેહેરનો સમાવેશ થયેલો હોય છે. એક જ પ્રસંગ દ્વારા અનુભવાયેલ મેહેરનાં જાહેરી અને બાતૂની - એમ બે પાસાં હોય છે. જવલ્લે જ થતી અતિશુધ્ધ અનુભૂતિની સ્થિતિમાં બાતૂની મેહેર તેના શુધ્ધતમ સ્વરૂપે પ્રવાહિત થતી અનુભવાય છે. જીવાત્મા જેમ જેમ આત્મજાગૃતિનાં એક પછી એક શિખરો સર કરે, તેમ તેમ તેને માટે મેહેરનું સ્વરૂપ પણ વિકસિત થતું જાય છે. અંતતઃ જ્યારે આત્માના દિલમાં શ્રી રાજજીનું દિલ પૂર્ણતઃ સમાઈ જાય, અર્સ-દિલની અષ્ટવિધ નિધિઓ દિલમાં પ્રકાશિત થઈ જાય, ત્યારે તે આત્માનું દિલ 'પૂર્ણ મેહેર'નું સ્વરૂપ બની રહે છે.

એ પ્રશ્ન થઈ શકે કે, મેહેર અને ચમત્કાર વચ્ચે શું ફરક સમજવાનો? તો વાસ્તવમાં ચમત્કાર એ તો મેહેરનું ક્ષણિકવાર માટે પ્રગટ થયેલું સ્વરૂપ જ છે. *Miracles are simply transient manifestations of Grace.* જ્યારે શ્રી રાજજીની મેહેર કાર્યરત હોય છે, ત્યારે ચમત્કાર તો સ્વયંભૂ જ સર્જાતા રહે છે. તેના માટે સવિશેષ પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી. *Miracles happen automatically when Grace is at work.* મેહેરથી જે આત્માનું દિલ ધણીજીનું અર્સ-ધામ બની ગયું હોય, એના માટે 'અર્સ દિલ' બનવાથી મોટો બીજો કયો ચમત્કાર હોઈ શકે?

## જાહેરી અને બાતૂની મેહેર

જીવાત્માની વૃત્તિઓમાં જેટલી સાંસારિકતા વધુ, એટલું ઓછું



તેના પર બાતૂની મેહેરનું પ્રમાણ સમજવું. જાહેરી મેહેર અલ્પાયુ હોય છે, જ્યારે બાતૂની મેહેર આત્મિક કક્ષાની હોવાથી સ્થાયી-અખંડ સ્વભાવવાળી હોય છે. મનુષ્યમાત્રને પરમાત્માની કૃપાની અપેક્ષા હોય છે. અપેક્ષા જેટલી માયાજનિત, એટલી મહેરની ન્યૂનતા સમજવી. માટે જાગૃતાત્મા સદા દીર્ઘાયુ મેહેરની પ્રાપ્તિ માટે જ અરજી કરતી રહે છે. જીવાત્માને જેમ જેમ મેહેરનું પૂર્ણ સ્વરૂપ સમજાતું જાય, તેમ તેમ તેને સંસારની અસારતા ગ્રહણ થતી જાય, તેના માટે સુખ અને દુઃખ વચ્ચેની ભેદરેખા ઓગળતી જાય, શુધ્ધ આત્મભાવ જાગૃત થતો જાય અને તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં તે 'નિજાનંદ' હાલમાં મસ્ત રહે.

મેહેરના સમગ્ર સ્વરૂપની સ્પષ્ટ સમજણના અભાવે આપણે માયાના ભભકાદાર તથા ક્ષણિક ચમત્કારથી અંજાઈ જઈએ છીએ. આમ અખંડ ફળની પ્રાપ્તિથી વંચિત રહીએ છીએ - *આખિર હોત હક્સે દૂર...* બીજા શબ્દોમાં કહીએ તો સંસાર અને પરબ્રહ્મના ધામની વાસ્તવિકતા વિષે જાગૃત થયા સિવાય મેહેરના જાહેરી અને બાતૂની સુખોની લજ્જત માણી શકાય નહિ.

આપણે જો પર-આત્મિક દ્દષ્ટિએ જોઈએ તો મેહેરને જાહેરી કે બાતૂની એમ બે વિભાગમાં વહેંચવાનો પ્રશ્ન જ નથી રહેતો. કારણ કે સર્વ પ્રકારની મેહેર અંતતઃ શ્રી રાજજીના દિલના વિવિધ લાડ જ છે. શ્રી ધણીજીના લાડને કઈ નજરથી જોવા એ તો તેનો અનુભવ કરનાર પર જ નિર્ભર છે. તેમ છતાં, સમષ્ટિના લાભાર્થે પ્રગટ થયેલ શ્રી ધણીજીના લાડને જાહેરી મેહેર કહી શકાય, તો આત્માના હ્રદયમાં અનુભવાતા નિજ સુખને બાતૂની મેહેર કહી શકાય. અન્યથા, સંપૂર્ણ મેહેરસાગરમાં શ્રી રાજજીની બાતૂની મેહેરનો જ મહિમા ગવાયો છે.

સમસ્ત સૃષ્ટિજનો માટે શ્રી કુલજમ સ્વરૂપ વાણીનું અવતરણ,

સમસ્ત જીવસૃષ્ટિને આવાગમનના ચક્રમાંથી મુક્તિ, વિવિધ ધર્મશાસ્ત્રોમાં આત્મજાગૃતિલક્ષી સાક્ષીઓનું અવતરણ, પરબ્રહ્મના સત્ અંગ અક્ષરબ્રહ્મને શ્રી પરમધામના આનંદનો અનુભવ થવો - આ સર્વે જાહેરી મેહેરનાં ઉદાહરણો ગણી શકાય. જ્યારે કોઈ આત્મા પર જાહેરી મેહેર થાય છે, ત્યારે તેને જાગણીકાર્યમાં સૌનો સેવા સહયોગ પ્રાપ્ત થાય છે. તેનાં વચનો તથા કર્મો મેહેરપૂર્ણ બની રહે છે. તેને મનુષ્યજન્મની મહત્તા તથા સંસારરૂપી ખેલનો મૂળ ઉદ્દેશ્ય સમજાઈ જાય છે. શ્રી રાજજીની મેહેર જ પ્રત્યેક કાર્ય કરે તથા કરાવે છે એ વાત તેને દૃઢ થી જાય છે. આમ થતા,વ્યક્તિનું ચારિત્ર્ય, ગુણ, અંગો તથા ઈન્દ્રિયો એ તમામ મેહેરના નિર્દેશનમાં જ રહે છે.

આત્મા ઉપર શ્રી રાજજીની બાતૂની મેહેર વરસી ત્યારે કહેવાય જ્યારે આત્મા પોતાને મૂલમિલાવામાં બેઠી હોવાનું અનુભવે, તેને ખિલવતનાં રહસ્યો ખુલે, શ્રી રાજશ્યામાજીના સ્વરૂપ તથા ધામ લીલાનું ચિતવન થવા લાગે, ઈશ્કની લજ્જત પ્રાપ્ત થાય, આત્માનું દિલ શ્રી રાજજીનું ધામ (અર્શ) બને, તેને તન તથા સંસારની અસારતા સમજાય, માયા, બ્રહ્મ અને સંસારને ઓળખી તે સુખ અને દુઃખને એકસમાન ગણે અને તે બંનેને મેહેરની જ ફળશ્રુતિ સમજે, તેને શ્રી રાજજીની દિવ્ય પંચનિધિ – જોશ, હુકમ, ઈલમ, નિસ્બત, જાગૃત-નિજબુધ્ધિ પ્રાપ્ત થાય, અને છેલ્લે શ્રી રાજશ્યામાજીનાં દર્શન અને ઈશ્કની અનુભૂતિ થાય. આ સર્વે બાતૂની મેહેરનાં દૃષ્ટાંતો કહી શકાય.

## પરબ્રહ્મ અક્ષરાતીતના હૃદયકમળમાંથી પ્રવાહિત થતા રહેતા આઠ દિવ્ય સાગરોનો સંક્ષિપ્ત પરિચય

શ્રી કુલજમ સ્વરૂપમાં પરબ્રહ્મને 'સાગર' અને આત્માને લહેરની ઉપમા દ્વારા વર્ણવેલ છે. તેમાંયે પરબ્રહ્મનું હૃદયકમળ એક



એવો મહાસાગર છે કે જેમાં અનંત પ્રકારના દિવ્ય(નૂરી) ગુણ-લક્ષણો સમાયેલા છે. પોતાના આનંદઅંગ સ્વરૂપ આત્માઓને આનંદિત રાખવા માટે એમનું વિશાળ હૈયું સદૈવ ઈશ્કથી છલકાતું રહે છે. તેમનો ઈશ્ક જ આઠ સાગરો સહિત સંપૂર્ણ પરમધામનું સ્વરૂપ ધારણ કરી લે છે. આવો! પ્રત્યેક સાગરનો સંક્ષિપ્ત પરિચય કરી શ્રી મેહેરસાગરનું સાચું સુખ માણીએ.

બ્રહ્માત્માઓ તથા શ્રી યુગલસ્વરૂપની સામૂહિક બેઠકને 'મૂલમિલાવો' કહેવાય છે, જ્યાં બેસીને બ્રહ્માત્માઓ વર્તમાન માયાનો ખેલ જોઈ રહી છે. આ મૂલમિલાવો પરમધામના કેન્દ્રમાં આવેલ રંગમહોલની પ્રથમ ભોમની હવેલીઓના પાંચમા ફિરાવાની પૂર્વ દિશાની ગોળાકૃત હવેલીમાં સ્થિત છે. અર્થાત્ મૂલમિલાવામાં બિરાજમાન પરબ્રહ્મ ધણીના હૃદયકમળમાંથી આઠ દિવ્ય સાગરો બ્રહ્માત્માઓના સુખ કાજે પ્રગટ થયેલ છે. પરિક્રમાઃ ૪૩/૧૫માં આ આઠેય સાગર મૂલમિલાવાના આ પ્રમાણે કહ્યા છેઃ

**નૂર નીર ખીર દધિ સાગર, ઘૃત મધુ એક ઠૌર ।**
**રસ સબ રસ સાગર, બિના મોમિન ન પાવે કોઈ ઔર ॥**

૧. **નૂરસાગર** પરબ્રહ્મના દિવ્ય મુખારવિંદની શોભા પ્રકાશિત કરે છે. એમના શ્રીમુખની શોભા 'નૂરી' સ્વભાવયુક્ત હોવાને કારણે તેના થકી અખંડ જ્ઞાન(સત્યતા) ચૈતન્યતા, દિવ્ય આનંદ, હૃદયની કોમળતા તથા આત્મમોહક સુવાસ અવિરતપણે પ્રવાહિત થતી રહે છે. તેમની અજોડ સાહ્યબી, ઐશ્વર્ય, આભા, કાંતિ તથા જ્ઞાનપૂર્ણતાની લહેરો જ્યારે આત્માના હૃદયને સ્પર્શે છે ત્યારે તેની પરબ્રહ્મ અક્ષરાતીતને ઓળખવાની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. મૂલતઃ બ્રહ્માત્માઓ પરબ્રહ્મનું દિવ્ય શરીર જ છે તથા તે સર્વે પરબ્રહ્મના દિલ સ્વરૂપ શ્રી શ્યામાજી(આનંદ)નાં અંગ છે. આ રીતે, એ સૌની 'એક તની' -

શારીરિક અભિન્નતા હોવાને કારણે નૂરસાગરને શ્રી પરબ્રહ્મ ધણીનો 'તન સાગર' પણ કહ્યો છે.

૨. **નીર સાગર** પરબ્રહ્મની આનંદ સ્વરૂપા બ્રહ્માત્માઓની સામૂહિક શોભાનો સાગર છે. બ્રહ્માત્માઓનો સમૂહ પરસ્પર નિર્મળતાના ભાવ સહિત શ્રી યુગલ સ્વરૂપની સન્મુખ 'એક સ્વરૂપ' થઈને બિરાજેલ છે. તેની શોભા અતિ સુંદર તથા અખંડ સુખદાયક છે. પરમ સૌંદર્યનો આ સાગર બ્રહ્માત્માઓના હૃદયનો ઉત્સાહ, ઉમંગ, તેમના નિર્મળ હાવ-ભાવ, પરસ્પર પારદર્શક વાર્તાલાપ તથા વ્યવહાર, અને દિવ્ય મસ્તીની અનુભૂતિ કરાવે છે.

૩. **ખીર સાગર** સૌ બ્રહ્માત્માઓ વચ્ચેના પરસ્પર એકાત્મભાવ, એક દિલી (વાહેદત) કે મધુર સંવાદિતાનો સાગર છે. ખીરસાગર થકી બ્રહ્માત્માઓની સર્વ પ્રકારની એકાત્મતા વ્યક્ત થાય છે : એક તન, એક દિલ, એક બુધ્ધિ, એક ચિત્ત, એક હાંસ-વિલાસ, એક સુખ, એક ચાલ...આદિ. આમ, ખીર સાગર પરમધામના વાતાવરણમાં *Perfect Harmony* પ્રકાશે છે તેથી તેને પરબ્રહ્મનો 'દિલ સાગર' પણ કહેવાય છે.

૪. **દધિ સાગર** શ્રી યુગલ સ્વરૂપ પરબ્રહ્મ તથા બ્રહ્માત્માઓની દિવ્ય શોભા-શ્રૃંગારનો સાગર છે. તેમાં સ્નાન કરવાથી આત્માના હૃદયમાં પરમાત્મા પ્રત્યે અનન્ય આકર્ષણ ઉત્પન્ન થાય છે, જેનાથી આત્માને તેમના નૂરી શોભા-શ્રૃંગારનું ચિતવન કરવાની પ્રેરણા મળે છે. ચિતવનમાં પ્રિયતમની જુદાગીની વ્યથાની ચરમસીમાએ તેને દર્શનનું સુખ મળે છે. આમ, દધિ સાગર બ્રહ્માત્માના હૃદયને અખંડ શીતળતા પ્રદાન કરે છે.

૫. **ઘૃત સાગર** પરમધામના ઈશ્ક તથા ઈશ્કની લીલાનો મહિમા પ્રકાશિત કરે છે. પરબ્રહ્મ રૂપી માળી પરમધામ રૂપી બાગ-



બગીચાઓમાં છોડ-વૃક્ષ રૂપી આત્માઓને પોતાની ઈશ્કભરી નજર રૂપી અમીરસ (જળ) સીંચે છે. તેઓ પોતાની રસીલી રસના (જીહ્વા) થકી બ્રહ્માત્માઓ સાથે મધુર વાર્તાલાપ છેડે છે અને તેમને અવર્ણનીય આનંદની અનુભૂતિ કરાવે છે.

૬. **મધુ સાગર** પરબ્રહ્મની જાગૃત તથા નિજબુધ્ધિ યુક્ત ખુદાઈ ઈલમ(બ્રહ્મવિજ્ઞાન) નો સાગર છે. પોતાની આદેશ શક્તિ (હુકમ) દ્વારા વિજ્ઞાનનો આ સાગર શ્રી ધણીજીના હૃદયમાં છૂપાયેલ સર્વ પ્રકારના લાડ બ્રહ્માત્માઓ સમક્ષ પ્રદર્શિત કરે છે. ખુદાઈ ઈલમમાં સ્થિત થવાથી આત્મા નિજસુખની મીઠાશનો આનંદ પૂર્ણતઃ માણી શકે છે.

૭. **રસ સાગર** પરબ્રહ્મ તથા બ્રહ્માત્માઓ વચ્ચે જે અનન્ય-અતૂટ દિવ્ય સંબંધ છે, એ નિસ્બતની ઘનિષ્ઠતા તથા તેનું માહાત્મ્ય દશ પ્રકારના વિવિધ રસો તથા રંગો દ્વારા પ્રકાશિત કરે છે. મૂળ નિસ્બતને કારણે જ પરબ્રહ્મ ધણીના બેસુમાર સ્વરૂપ તથા ધામલીલાનાં સુખો આ સંસારમાં પ્રગટ થયેલ છે. વાહેદત સ્વરૂપ માસૂક શ્રી રાજજીનો પોતાની આત્માઓ માટેનો જ પ્યાર છે, તેનો આ સાગર છે. શ્રી રાજજીના હૃદયમાં બ્રહ્માત્માઓને રીઝવવામાટે જે ઉછરંગ-ઉમંગ ભરેલો છે, તે રસ સાગર દ્વારા પ્રકાશિત થાય છે.

૮. **મેહેર સાગર** પરબ્રહ્મ ધણીની અનંત મેહેર, કૃપા, દયા કે *grace* નો સાગર છે. તે સર્વ પ્રકારના રસો તેમજ રંગોથી પરિપૂર્ણ હોઈ પરબ્રહ્મના પૂર્ણ સ્વરૂપની મહિમાને પ્રકાશિત કરે છે. તેમાં અન્ય સર્વે સાગરોનાં સુખ ઉપલબ્ધ છે. આત્માના હૃદયમાં 'મેહેર સાગર' સ્થિત થતાં તેનું દિલ પૂર્ણતઃ અર્સ એટલે કે શ્રી ધણીજીનું ધામ બની જાય છે.

સારાંશમાં કહીએ તો શ્રી ધણીજીના નૂરી મુખારવિંદને

નીરખી(૧), પોતાના નિજસ્વરૂપની બેઠક ને નીરખી(૨), નિજસ્વરૂપના હૃદયમાં છુપાયેલ એકાત્મતાને અનુભવીને જ(૩) શ્રી યુગલસ્વરૂપનાં દર્શન(૪) સંભવે. ત્યારબાદ પ્રેમ-ઈશ્કલીલામાં(૫) નિજબુધ્ધિ સ્થિર કરીને(૬) તથા મૂળ નિસ્બતનો રસ અનુભવીને (૭) મેહેરના પૂર્ણ સ્વરૂપનું(૮) અખંડ સુખ માણવાનું છે. આ સર્વે સુખોની અનુભૂતિ આઠ સાગરોના જાહેરી અને બાતૂની ભાવોને ગ્રહણ કરી તેમનો પરસ્પર સંબંધ સમજવાથી સંભવે છે.



# શ્રી મેહેર સાગર

**ઔર સાગર જો મેહેર કા, સો સોભા અતિ લેત ।**
**લેહેરેં આવે મેહેર સાગર, ખુબી સુખ સમેત ॥૧॥**

સચ્ચિદાનંદ સ્વરૂપ પારબ્રહ્મ અક્ષરાતીતની પંચ-દિવ્ય શક્તિઓથી વિભૂષિત શ્રી મહામતિજી ફરમાવે છે કે હે સુંદરસાથજી! હે બ્રહ્માત્માઓ! હવે ધણીજીના હૃદયકમળમાં વિદ્યમાન અનંત નિધિઓના સામૂહિક (*collective*) સ્વરૂપ એવા શ્રી મેહેરસાગરનું ધ્યાન-ચિતવન કરો! વ્હાલાજીની નૂરી જાહોજલાલી, તેમના હૃદયનો આનંદ તથા એકાત્મતાનો ભાવ, તેમનો પરમ શાંતિપ્રદ શોભા-શૃંગાર, તેમના હૃદયમાંથી અવિરત છલકાઈ રહેલ દિવ્ય પ્રેમ (ઈશ્ક), પૂર્ણ જાગૃતિયુક્ત ઈલમ (બ્રહ્મવિજ્ઞાન) તથા મૂળ આત્મિક નિસ્બતનાં તમામ સુખો... આ સર્વે પ્રકારની અનંત અખંડ નિધિઓથી શૃંગારિત એવું તેમનું કૃપાવંત પૂર્ણ મેહેરનું સ્વરૂપ કેવી અદ્ભૂત અને અનંત શોભાથી દીપી રહ્યું છે! શ્રી રાજજીના સાગર સમાન સ્વરૂપમાંથી અવિરતપણે અષ્ટવિધ દિવ્ય સુખોની અનંત લહેરો ઉઠી રહી છે, તેનો અનુભવ કરો. જુઓ! તે લહેરો પોતાની અપરંપાર ખૂબીઓ થકી આપણા હૃદયને કેવી સમગ્ર રીતે ભીંજવી રહેલ છે!

*હે સાથજી! સ્વલીલા-અદ્વૈત પારબ્રહ્મના દિલમાં વિદ્યમાન અનંત-અપાર નિધિઓની આત્માના હૃદયમાં લીલારૂપે પ્રવાહિત થવાની પ્રક્રિયા જ વાસ્તવમાં મેહેર (કૃપા, અનુકંપા) કહેવાય છે. આત્માને મેહેરસાગરની લહેરોની અનુભૂતિ વિવિધ રીતે થઈ શકે છે. નિજધામના નૂરી સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા, પોતાની પરાત્મના સ્વરૂપના અહેસાસ દ્વારા, શ્રી ધણીજી સાથે એકાત્મતા-અદ્વૈતભાવ પ્રસ્થાપિત થવાથી, શ્રી યુગલ સ્વરૂપની નખશિખ શોભા-શૃંગાર હૃદયસ્થ થવાથી, હૃદયમાંથી વિશુદ્ધ પ્રેમનું ઝરણું ફૂટવાથી, નિજ-*

*ઈલમ આત્મસાત્ થવાથી તથા પ્રિયતમ ધણીજી સાથે ઘનિષ્ઠ સંબંધ પ્રસ્થાપિત થયાની અનુભૂતિથી – આ પ્રત્યેક અનુભૂતિ આત્માને માટે મેહેરસાગરની લહેરનો સ્પર્શ જ છે.*

**હુકમ મેહેર કે હાથમેં, જોસ મેહેર કે અંગ ।**
**ઈસ્ક આવે મેહેર સે, બેસક ઈલમ તિન સંગ ॥૨॥**

મેહેર દ્વારા શ્રી ધણીજીના દિલની સજાગતા પ્રકાશિત થાય છે. તેમના દિલના વિવિધ અંગો પૈકી તેમનો હુકમ (આદેશ શક્તિ) મેહેરને આધીન છે. ધણીજી જે પ્રકારની મેહેર દિલમાં ધારણ કરે તે પ્રકારનો હુકમ પ્રવાહિત થાય છે. શ્રી ધણીજીનો જોશ (પ્રેરણાશક્તિ) પણ તેમની મેહેરના અંગરૂપ છે. અર્થાત્ શ્રી ધણીજીએ જે પ્રકારની મેહેર કરવાનું દિલમાં લીધું હોય તે મુજબ તેને સંપન્ન કરવા માટે આવશ્યક જોશની શક્તિ પણ બક્ષે જ છે. હુકમ અને જોશ પ્રાપ્ત થયેલ આત્માના હૃદયમાં ઈશ્કનો અહેસાસ તથા પ્રેમની જે સરવાણી ફૂટી નીકળે છે, તે પણ મેહેરના જ પ્રતાપે! જ્યારે શ્રી ધણીજીની મેહેર આત્માને પોતાની આદેશ શક્તિ, જોશ (પ્રેરણા) શક્તિ તથા ઈશ્કથી નવાજે છે, ત્યારે રૂહ (આત્મા)ને તેમનો જાગૃતિપૂર્ણ નિજબુધ્ધિયુક્ત ઈલમ (તારતમજ્ઞાન) તથા તેમના હૃદયનાં ગૂઢ રહસ્યો પણ સ્પષ્ટ નજરમાં આવવા લાગે છે. આત્માને આ ઈલમ પ્રાપ્ત થયા વિના શ્રી ધણીજીના ઈશ્કની પૂર્ણતા કે મહાનતા સમજાઈ શકતી નથી. એ જ રીતે આત્માને ઈશ્કની લજ્જત મળ્યા સિવાય ઈલમનો વાસ્તવિક પ્રકાશ થઈ શકતો નથી. આમ, હુકમ, જોશ, ઈશ્ક તથા ઈલમ - આ ચારેય મેહેરરૂપી વૃક્ષને લાગેલી ડાળીઓ જેવાં છે. હુકમ પ્રમાણે એ ડાળીઓનો વિસ્તાર થાય, તેમાં જોશ પ્રમાણે પાન, ફૂલ, ફળ લાગે અને ઈશ્ક પ્રમાણે તેનાં વિવિધ રસોનું સિંચન થાય. ત્યારબાદ, ઈલમ દ્વારા આત્મા જ્યારે તેનું રસાસ્વાદન કરે, ત્યારે જ તેને મેહેરનું સમગ્ર સ્વરૂપ સમજાય.



**પૂરી મેહેર જિત હક્કી, તિત ઔર કહા ચાહિયત ।**
**હક મેહેર તિત હોત હૈ, જિત અસલ હૈ નિસબત ॥૩॥**

અક્ષરાતીત પૂર્ણબ્રહ્મની સર્વપ્રકારની મેહેર જ્યાં (જે આત્મા ઉપર) પૂર્ણ રીતે વરસે છે, ત્યાં તેને બીજું શું જોઈએ? જે આત્માના ધામ હૃદયમાં પારબ્રહ્મના અષ્ટવિધ સાગરોની રસધારાઓ પ્રવાહિત થતી હોય, તેને શી વાતની ઉણપ હોય? તેને તો મેહેરમાં જ પૂર્ણ સંતોષ રહે છે. શ્રી ધણીજીની મેહેર તો સમસ્ત સૃષ્ટિના જીવો તથા સર્વ સ્થાનો પર વરસતી જ હોય છે. પરંતુ તેમની આ સર્વાંગી તથા વિશિષ્ટ પ્રકારની (હુકમ, જોશ, ઈશ્ક અને ઈલમ સહિતની) મેહેરની વર્ષા તો જ્યાં પરમધામની મૂળ નિસ્બતના અંકુરવાળી આત્માઓ હોય છે, ત્યાં જ થાય છે.

**મેહેર હોત અવ્વલ સે, ઈતહીં હોત હુકમ ।**
**જલૂસ સાથ સબ તિનકે, કછૂ કમી ન કરત ખસમ ॥૪॥**

અક્ષરાતીત ધણીજીની મેહેર મૂલતઃ તો પરમધામથી જ તેમના હૃદયકમળમાંથી અખંડ અને અસ્ખલિતરૂપે આ નિસ્બતી બ્રહ્માંગનાઓ (સુંદરસાથ) ઉપર વરસતી રહી છે. વળી, આ સંસારરૂપી ખેલમાં પણ તેમની મેહેરની વર્ષા હુકમ અને ઈલમના રૂપમાં થઈ જ રહી છે. જે આત્મા ઉપર આ મેહેરની વૃષ્ટિ થાય છે, તેને તમામ પ્રકારની અખંડ નિધિઓના સાથ સહયોગનો અનુભવ સતત થતો રહે છે. તેને બરાબર એવો જ અનુભવ થાય છે કે જેવો એક ચક્રવર્તી રાજા(ચૂંટાયેલ વડાપ્રધાન કે પ્રમુખ)ને તેની વિજય-શોભાયાત્રા દરમ્યાન થાય છે. આમ, આત્માને પોતાની સર્વ પ્રકારની નિધિઓથી શૃંગારિત કરવામાં શ્રી ધણીજી કંઈપણ કમી રાખતા નથી.

**એ ખેલ હુઆ મેહેર વાસ્તે, માહેં ખેલાએ સબ મેહેર ।**
**જાથેં મેહેર જુદી હુઈ, તબ હોત સબ જેહેર ॥૫॥**

બ્રહ્માત્માઓને પોતાના દિલના અવનવા લાડ લડાવી, પોતાના પૂર્ણ (મારફત, અંતરંગ, અપ્રગટ કે પરમ સત્ય) સ્વરૂપની ઓળખાણ કરાવવા માટે જ શ્રી ધામધણીજીએ આ માયાનો ખેલ બનાવ્યો છે. આ ખેલમાં શ્રી ધણીજીની મેહેર સૌ બ્રહ્માત્માઓ (તથા સમસ્ત જીવ તથા ઈશ્વરી સૃષ્ટિને) અદ્‌ભૂત રીતે રમાડી રહેલ છે. તેમની મેહેર તો ક્યારેય આપણાથી જુદી થતી જ નથી. પરંતુ જેનું હૃદય પરબ્રહ્મ પ્રિયતમની મેહેરને પોતાનાથી અલગ થયાનું અનુભવે છે, અર્થાત્ જે તેમની મેહેરની અવગણના કરે છે, તેના માટે તો સંપૂર્ણ બ્રહ્માંડ તથા આ જીવન વિષ સમાન (શુષ્ક, અગ્રાહ્ય) બની રહે છે.

*શ્રી મહામતિ કહે એ મોમિનોં, તુમ પર દમ દમ જો બરતત । સો સબ ઈસ્ક હક કા, પલ પલ મેહેર કરત ॥ શ્રી ખિલવતઃ ૧૨/૧૦૦. વિશેષ કરીને, પોતાના ધણીના મેહેર સભર દિલના ઈશ્કમયી તરંગોથી વંચિત રહીને ભલા આ સંસારમાં કઈ આત્મા પ્રસન્ન રહી શકે? શ્રી ધણીજીની મેહેરની મહિમાનો સતત અહેસાસ જ આત્માના પ્રાણ છે.*

**દોઊ મેહેર દેખત ખેલમેં, લોક દેખેં ઉપર કા જહૂર ।**
**જાએ અંદર મેહેર કછૂ નહીં, આખિર હોત હક સે દૂર ॥૬॥**

જે આત્માના ધામહૃદયમાં પારબ્રહ્મની અષ્ટવિધ દિવ્યતા પ્રવાહિત થતી રહે છે, તે આત્મા આ સંસારરૂપી ખેલમાં તેમની મેહેરનો જાહેરી એટલે કે પ્રત્યક્ષ અને બાતૂની એટલે કે પરોક્ષ કે ગુહ્ય - આ બંને સ્વરૂપે અનુભવ કરે છે. પરંતુ મોહાધીન સંસારી મનુષ્યો મહદ્ અંશે જાહેરી ચમત્કારો આદિથી પ્રભાવિત થઇને માત્ર તેમની



ઉપરછલ્લી ઓળખાણ જ કરી શકે છે. વળી, જેના હૃદયમાં પરમાત્માની જાહેરી કે બાતૂની એમ કોઈપણ પ્રકારની મેહેરની અનુભૂતિ (કે તેનો બિલકુલ સ્વીકાર) નથી, તેવા શ્રધ્ધાહીન સર્વજનો અંતતઃ સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણબ્રહ્મનાં શ્રી ચરણોથી સદા દૂર જ રહે છે; અર્થાત્ તેમને શ્રી ધામધણીના સાન્નિધ્યનું સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. ધણીજીના ઈશ્ક તથા ઈલમ પ્રત્યે જાગૃતિ ન હોવાને કારણે તેઓ પોતાના શરીર, ઈન્દ્રિયો તથા અંતઃકરણથી ન તો પારબ્રહ્મની જાહેરી મેહેરનો અનુભવ કરી શકે છે, કે ન પોતાની આત્મ-સૂરતા દ્વારા ચિતવન કરી પરમધામના પચ્ચીસ પક્ષ તથા શ્રી યુગલસ્વરૂપની શોભા અને શ્રૃંગાર (બાતૂની મેહેર)ની અનુભૂતિ કરી શકે છે.

**મેહેર સોઈ જો બાતૂની, જો મેહેર બાહેર ઔર માહેં ।**
**આખિર લગ તરફ ધની કી, કમી કછુએ આવત નાહેં ॥૭॥**

આત્મિક સ્તરે અખંડ આનંદની અનુભૂતિ કરાવનાર પરોક્ષ (ગુહ્ય) મેહેર જ વાસ્તવિક મેહેર કહેવાય. કારણ કે જેમ જેમ આત્માના હૃદયમાં આ બાતૂની મેહેર અનુભવાય છે, તેમ તેમ શ્રી ધણીજીના આદેશાનુસાર તેના મુખ પર તથા તેનાં વિચાર, વાણી અને વર્તન દ્વારા તે જાહેરી(પ્રત્યક્ષ) રૂપમાં પણ પ્રગટ થતી રહે છે. આમ, આ પ્રકારની બાતૂની મેહેરથી ધન્ય બનેલી આત્મા સદૈવ પોતાના પારબ્રહ્મ ધણીજી સાથેની અખંડ નિસ્બતના સુખોનો રસાસ્વાદ જીવનના અંતિમ શ્વાસ સુધી માણતી રહે છે. પછી તેના વ્યવહારમાં પ્રેમ તથા તેના મનમાં આનંદની કોઈપણ પ્રકારની ઉણપ રહી શકતી નથી.

**મેહેર હોત હૈ જિન પર, મેહેર દેખત પાંચો તત્વ ।**
**પિંડ બ્રહ્માંડ સબ મેહેર કે, મેહેર કે બીચ બસત ॥૮॥**

જેના ઉપર શ્રી ધામધણીજીની વાસ્તવિક (બાતૂની) મેહેર

વરસી હોય છે, તે આત્મા પોતાના દુન્યવી અનુભવોને સાચા સુખ કે દુઃખરૂપે ન જોતાં, તેને માત્ર પંચમહાભૂતોના સંયોજન અને વિસર્જનની સ્વપ્નવત્ લીલા માત્ર રૂપે જ જુએ છે. અતઃ તે આત્મા તેનાથી મોહિત થઈ જતી નથી. તેનું અંતઃકરણ પૂર્ણતઃ મેહેરના ગુહ્યતમ્ સુખમાં સહજ રીતે રમ્યા કરે છે. તેથી તેને પોતાનું શરીર તેમજ સમગ્ર જગત એકમાત્ર પિયાજીની મેહેરથી જ હર્યું ભર્યું દીસે છે.

**દુઃખ રુપી ઈન જિમી મેં, દુઃખ ન કાહૂં દેખત ।**
**બાત બડી હૈ મેહેર કી, જો દુઃખ મેં સુખ લેવત ॥૯॥**

પ્રિયતમ પારબ્રહ્મની વાસ્તવિક મેહેર જેના ઉપર વરસતી હોય છે, તેને આ દુઃખમય સંસારમાં ક્યાંય અને કોઈપણ સંજોગોમાં દુઃખનો અનુભવ થતો નથી. કારણ કે દુઃખના કારણરૂપ અજ્ઞાનતાવશ સર્જાતું તેનું તુષ્ણાઓ(ભૌતિક ઈચ્છાઓ)નું બંધન તૂટી ગયું હોય છે. દુઃખોના ડરથી તે આત્મા કદાપિ વિચલિત થતી નથી. શ્રી ધામધણીજીની મહેરની વિશેષતા જ એ છે કે તેનાથી ભીંજાયેલ જાગ્રત આત્મા દુઃખમાં પણ અખંડ સુખનો અનુભવ કરતી રહે છે.

**સુખ મેં તો સુખ દાયમ, પર સ્વાદ ન આવત ઉપર ।**
**દુઃખ આએ સુખ આવત, સો મેહેર ખોલત નજર ॥૧૦॥**

માત્ર સુખ જ સુખ હોય એવી સ્થિતિમાં જેમ સુખની કિંમત સમજાતી નથી, તેમ અખંડ સુખદાયી પરમધામમાં પણ સુખની એકરસતાના કારણે બ્રહ્માત્માઓને તે સુખોનો વાસ્તવિક સ્વાદ આવી શક્યો નહોતો. પરંતુ આ દુઃખરૂપી સંસારમાં અવતરેલ બ્રહ્માત્માઓ અહીં દુઃખનો અનુભવ કરી રહેલ છે... શ્રી રાજજીની મેહેર થકી જ્યારે તેમની આત્મિક નજર ખુલી જાય છે, ત્યારે તેઓને આ નશ્વર જગતમાં પણ શ્રી પરમધામનાં અખંડ સુખનો સ્વાદ મળવા લાગે છે.



**ઈન દુઃખ જિમી મેં બૈઠકે, મેહેરેં દેખેં દુઃખ દૂર ।**
**કાયમ સુખ જો હક કે, સો મેહેર કરત હજૂર ॥૧૧॥**

આ દુઃખમય સંસારમાં બેઠેલ હોવા છતાં, જાગૃત આત્મા શ્રી ધામધણીજીની વાસ્તવિક મેહેરના પ્રતાપે જ પોતાને દુનિયાનાં દુઃખોથી દૂર હોવાનું અનુભવી શકે છે. એટલું જ નહીં પણ શ્રી રાજજીની મેહેરથી તેને અખંડ પરમધામનાં દિવ્ય સુખોનો અનુભવ પ્રત્યક્ષ થવા લાગે છે. શ્રી ધણીજીની મેહેરથી દૃષ્ટા આત્મા પોતાને સુખ-દુઃખના ભોક્તા જીવથી અલગ જોઈ શકે છે. તેથી જ તે આ પ્રકારની સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરી શકે છે.

**મૈં દેખ્યા દિલ વિચાર કે, ઈસ્ક હક કા જિત ।**
**ઈસ્ક મેહેર સે આઈયા, અવ્વલ મેહેર હૈ તિત ॥૧૨॥**

મેં મારા દિલમાં વિચારી જોયું કે જ્યાં અને જે આત્માના દિલમાં શ્રી રાજજી પ્રત્યેના ઈશ્કની અનુભૂતિ થાય છે, તે તેમની મેહેરથી જ સંભવી શકે છે. માટે જેના હૃદયમાં ઈશ્કનો પ્રવાહ વહેતો હોય, ત્યાં મેહેર તો પહેલેથી જ ઉપસ્થિત હોય છે, એ વાત નિશ્ચિત છે. આમ, ઈશ્કનું મૂળ સ્ત્રોત તો શ્રી રાજજી મહારાજ પોતે જ છે!

**અપના ઈલમ જિન દેત હૈં, સો ભી મેહેર સે બેસક ।**
**મેહેર સબ વિધ લ્યાવત, જિત હુકમ જોસ મેહેર હક ॥૧૩॥**

શ્રી રાજજી મહારાજ જેને પોતાની તારતમ વાણીનું ગૂઢ જ્ઞાન(ઈલમ) બક્ષિસ કરે છે તે પણ તેમની મહેરને જ આભારી છે. તેમાં સંશયને કોઈ જ સ્થાન નથી. શ્રી ધણીજીની મેહેર પોતાની સાથે સર્વ પ્રકારની નિધિઓ લઈને જ પધારે છે. જ્યાં શ્રી રાજજીની મેહેર ઉપસ્થિત હોય છે, ત્યાં તેમની આદેશ(હુકમ) શક્તિ તથા જોશ શક્તિ પણ અવશ્ય મોજૂદ હોય છે.

**જાકો લેત હૈં મેહેર મેં, તાએ પેહેલે મેહેરેં બનાવે વજૂદ ।**
**ગુન અંગ ઈન્દ્રી મેહેર કી, રુહ મેહેર ફૂંકત માહેં બૂદ ॥૧૪॥**

પ્રિયતમ પરમાત્મા જે જીવાત્માને પોતાની મેહેરની છત્રછાયામાં આશરો આપે છે, તેને તેઓ સૌ પ્રથમ પોતાની મેહેરને અનુરૂપ શરીર બક્ષે છે. ત્યારબાદ તેઓ તેનાં ગુણ, અંતઃકરણ તથા ઈન્દ્રિયોને પણ પોતાની મેહેરને અનુરૂપ બનાવી દે છે. તત્પશ્ચાત્ તેઓ પોતાની મેહેરથી એ નશ્વર તનમાં અખંડ ચૈતન્યયુક્ત આત્મા (રૂહ)નો પ્રવેશ કરાવે છે.

**મેહેર સિંઘાસન બૈઠક, ઔર મેહેર ચૅંવર સિર છત્ર ।**
**સોહોબત સૈન્યા મેહેર કી, દિલ ચાહે મેહેર બાજંત્ર ॥૧૫॥**

ત્યારબાદ, શ્રી ધણીજીની મેહેર થકી તે આત્માના ધામહૃદયરૂપી સિંહાસન પર તેના પ્રિયતમની પ્રેમભીની બેઠક થાય છે. જ્યારે કોઈ ચક્રવર્તી રાજા સિંહાસન પર બિરાજે છે, ત્યારે સેવકો તેના શિરે છત્ર ધરે છે અને ચંવર ઢોળી આરામદાયક વાતાવરણ જાળવે છે. એ જ પ્રમાણે આત્મા શ્રી ધણીજીની મેહેર થકી ઈશ્ક રૂપી છત્ર અને ‘ઈશ્કમયી ઈલમ’ રૂપી ચંવરથી સદા આરામ અનુભવે છે. તેને નિસ્બતી સુંદરસાથની સેનાની સોબત તથા સાથ-સહયોગ પણ મેહેરથી જ પ્રાપ્ત થતો રહે છે. એટલું જ નહીં, પણ તેની આસપાસ તેના દિલની ઈચ્છાનુસાર પ્રેમાનંદનાં વાજીંત્રો પણ શ્રી ધણીજીની મેહેરથી જ વાગતાં રહે છે.

**બોલી બોલાવેં મેહેર કી, ઔર મેહેરૈ કા ચલન ।**
**રાત દિન દોઊ મેહેર મેં, હોએ મેહેરેં મિલાવા રુહન ॥૧૬॥**

પોતાની ચોતરફ સર્વ સ્થિતિમાં મેહેરનો સાથ-સહયોગ અનુભવી રહેલ આત્માના મુખેથી શ્રી ધણીજી જે વાણી ઉચ્ચારણ કરાવે છે, તે તમામ મેહેરથી પરિપૂર્ણ હોય છે. તે આત્માના પ્રત્યેક



આચરણ કે વ્યવહારમાંથી પણ માત્ર શ્રી રાજજીની મેહેર જ પ્રતિબિંબિત થતી રહે છે. તે દિવસ અને રાત્રિની પ્રત્યેક ક્ષણે પ્રિયતમની પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ - આ બંને પ્રકારની મેહેરની અનુભૂતિ કરે છે. આ રીતે, દરેક આત્માને શ્રી ધણીજી પોતાની બંને પ્રકારની મેહેરનો પરિચય કરાવશે. આમ કરાવીને જ સમગ્ર બ્રહ્મસૃષ્ટિ એકત્ર થશે અને અંતતઃ પોતાના નિજ સ્વરૂપમાં મૂલમિલાવા મધ્યે જાગૃત થશે.

**બંદગી જિકર મેહેર કી, એ મેહેર હક હુકમ ।**
**રુહેં બૈઠી મેહેર છાયા મિને, પિએ મેહેર રસ ઈસ્ક ઈલમ ॥૧૭॥**

જે આત્માઓને મેહેરની વાસ્તવિક ઓળખ થઈ ગઈ છે, તેઓની અનન્ય પ્રેમપૂર્ણ સેવા-પૂજા તથા ચિતવનમાં સદૈવ શ્રી ધણીજીની મેહેરના મહિમાનું જ રટણ ચાલતું રહે છે. આત્માને હરપળ મેહેરના અપાર મહિમાનું ભાન રહેવું એ પણ શ્રી રાજજીના આદેશથી જ શક્ય બને છે. આમ, સર્વ બ્રહ્માત્માઓ પોતાના ધામધણીજીની મેહેરની છત્રછાયામાં બેઠાં-બેઠાં તેમની મેહેરના જ પ્રતાપે તેમના ઈશ્ક તથા શ્રી નિજધામની સાહ્યબી સંબંધી બ્રહ્મજ્ઞાન (ઈલમ)નું રસપાન કરી શકે છે.

**જિત મેહેર તિત સબ હૈ, મેહેર અવ્વલ લગ આખિર ।**
**સોહોબત મેહેર દેવહીં, કહૂં મેહેર સિફત ક્યોં કર ॥૧૮॥**

જે આત્મા પોતાના દિલમાં શ્રી રાજજીની મેહેરની ઉપસ્થિતિની અનુભૂતિ કરી શકે છે તેને સર્વ પ્રકારનાં સુખો (આ લોકના ભૌતિક સુખ તથા પરલોકના આધ્યાત્મિક સુખ) ઉપલબ્ધ છે. આમ, શ્રી રાજજીની મેહેર મૂળ-પરમધામથી માંડીને આજદિન સુધી વરસી રહી છે અને મૂળ સ્વરૂપમાં પુનઃ જાગૃત થઈશું ત્યાં સુધી વરસતી જ રહેશે. મેહેરના પ્રતાપે જ આત્માઓને નિસ્બતી સુંદરસાથ

તથા સદ્‌ગુરુની સોબત તેમજ શ્રી ધણીજીનાં શ્રી ચરણોનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. હે સુંદરસાથજી! અક્ષરાતીત પારબ્રહ્મ શ્રી ધણીજીની શબ્દાતીત મેહેરના મહિમાનું હું શું વર્ણન કરું !?

**એ જો દરિયા મેહેર કા, બાતૂન જાહેર દેખત ।**
**સબ સુખ દેખત તહાં, મેહેર જિત બસત ॥૧૯॥**

આ રીતે, જાગૃત આત્મા શ્રી રાજજીની મેહેરના મહાસાગરની પ્રત્યક્ષ તેમજ પરોક્ષ એમ બંને સ્વરૂપે અનુભૂતિ કરે છે. તેથી જ તે જ્યાં મેહેરનો વાસ અનુભવે/જુએ છે, ત્યાં તમામ પ્રકારનાં બાહ્ય (લૌકિક) તથા આત્મિક (અલૌકિક) કક્ષાનાં સુખ પણ અનુભવે છે.

**બીચ નાબૂદ દુની કે, આઈ મેહેર હક ખિલવત ।**
**તિન સે સબ કાયમ હુએ, મેહેરૈ કી બરકત ॥૨૦॥**

આ મેહેર શ્રી પરમધામ મૂલમિલાવા મધ્યે બિરાજમાન અક્ષરાતીત પારબ્રહ્મ શ્રી રાજજીના દિલમાંથી આ નશ્વર સંસારમાં આવેલ છે અને તેની બક્ષિસથી આ બ્રહ્માંડના સર્વે જીવો માટે અખંડ મુક્તિનાં દ્વાર પણ ખુલી ગયાં છે!

**બરનન કરું ક્યોં મેહેર કી, સિફત ના પોહોંચત ।**
**એ મેહેર હક કી બાતૂની, નજર માહેં બસત ॥૨૧॥**

હું મારા પ્રાણપ્રીતમ અક્ષરાતીતની મેહેરની મહિમાનું વર્ણન શી રીતે કરું? તેની પર્યાપ્ત પ્રશંસા મારી આ જીહ્‌વાએ થઈ શકે તેમ નથી. આ તો શ્રી ધામધણીજીની પરોક્ષ(બાતૂની) મેહેર છે, જે મૂલતઃ તેમનાં પ્રેમસભર નૂરી નયનોમાં વસે છે. અર્થાત્ શ્રી ધણીજીની પ્રેમપૂર્ણ નજરમાં આત્માની નજર ઓતપ્રોત થઈ જતાં (આત્મજાગૃતિની અવસ્થામાં) તેનાં નેત્રોમાંથી પ્રેમરસ પ્રવાહિત થવા લાગે છે.



**એ મેહેર કરત સબ જાહેર, સબકા મતા તોલત ।**
**જો કિન કાનોં ના સુન્યા, સો મેહેર મગજ ખોલત ॥૨૨॥**

શ્રી ધામધણીજીની આ પરોક્ષ (ગુહ્ય) મેહેર સર્વ ધર્મગ્રંથો તેમજ જ્ઞાનીજનોની અંતિમ ઉપલબ્ધિ તેમજ તેમના દ્વારા અપનાવાયેલા માર્ગ કે જાગણી પ્રક્રિયાનો માપતોલ કરી આપે છે. તે (મેહેર) સૌના જ્ઞાનના ગૂઢ ભેદો, તેમની વિશેષતા તથા ભેદરેખા સ્પષ્ટરૂપે દોરી આપે છે. અધ્યાત્મ સંબંધી જે રહસ્યોનાં સ્પષ્ટીકરણ આજદિનપર્યંત કોઈએ ક્યાંય પણ સાંભળ્યા નથી, તે સર્વનો વિગતવાર ખુલાસો તથા તેનું હાર્દ શ્રી ધણીજીની બાતૂની મેહેરથી સમજાઈ જાય છે.

**બરનન કરું ક્યોં મેહેર કી, જો બસત હક કે દિલ ।**
**જાકો દિલ મેં લેત હૈં, તહાં આવત ન્યામત સબ મિલ ॥૨૩॥**

હે સુંદરસાથજી! અક્ષરાતીત પારબ્રહ્મના હૃદય-કમળમાં વસનારી આ સર્વ પ્રકારની મેહેરના મહિમાનું વર્ણન હું શી રીતે કરી શકું? શ્રી ધામધણીજી જે કોઈ આત્માને પોતાના દિલમાં લઈ લે છે, તે આત્માના ધામદિલમાં આ મેહેરના સાગરની તમામ દિવ્યસંપદા આવીને બિરાજમાન થઈ જાય છે. અર્થાત્ તે આત્મા શ્રી ધણીજીના દિલના સપ્તવિધ લાડ - નૂરત્વ, હાર્દિક નિર્મળતા, એકત્વ, પરમ શાંતિ, દિવ્ય પ્રેમ, જાગૃત-નિજબુધ્ધિ તથા દિવ્ય સંબંધની નિકટતા - અનુભવે છે.

**બરનન કરું ક્યોં મેહેર કી, જો બસત હૈ માહેં હક ।**
**જાકો નિવાજેં મેહેર મેં, તાએ દેત આપ માફક ॥૨૪॥**

હવે, અક્ષરાતીત પારબ્રહ્મના સમગ્ર સ્વરૂપમાં વસનારી આ સર્વાંગી મેહેરના મહિમાનું હું કેટલું વર્ણન કરું? જેને પણ શ્રી ધણીજી પોતાની મેહેરના દરિયામાં ઝીલણાં કરાવે છે, તેઓ તે આત્માને

પોતાની અનંત ગરિમા બક્ષી પોતાની સમકક્ષ બનાવી દે છે. અર્થાત્ શ્રી રાજજી પોતાનું સામર્થ્ય પ્રદાન કરીને તે આત્માને પણ મેહેરના સાગર સમાન જ બનાવી દે છે.

**બાત બડી હૈ મેહેર કી, જિત મેહેર તિત સબ ।**
**નિમખ ના છોડેં નજર સે, ઈન ઉપર કહા કહૂં અબ ॥૨૫॥**

આમ, પ્રિયતમ પારબ્રહ્મની આ બાતૂની મેહેરનો મહિમા અપરંપાર છે. સ્વાભાવિક છે કે જ્યાં (જેના પર) તેમની સર્વાંગી મેહેર વરસતી હોય, ત્યાં તમામ પ્રકારની નિધિઓ આપોઆપ જ ઉપસ્થિત હોય! આ અવસ્થાએ શ્રી ધામધણીજી તે આત્માને એક ક્ષણાર્ધ માટે પણ પોતાની દિવ્ય દૃષ્ટિથી અળગી થવા દેતા નથી. હે સુંદરસાથજી! આ મેહેર વિષે આનાથી વિશેષ તમને હું શું કહી શકું?

*શ્રી ધામધણીજીની મેહેરભરી નજર તો સૌ પર સમાનરૂપે જ હોય છે. પરંતુ પ્રત્યેક આત્મા પોતાના વિચાર, વાણી અને વર્તનને આત્મિક કક્ષાએ જેટલાં વધુ એકરૂપ બનાવવા માટે ઉદ્યમ કરે, એ પ્રમાણે તેને તેની અનુભૂતિ દ્વારા આનંદ પ્રાપ્ત થઈ શકે. મેહેર સબ પર મેહેબૂબ કી, પર પાવેં કરની માફક ॥ આશિક શ્રી રાજજી મહારાજ જે રીતે પોતાની માશૂક આત્મા પર મેહેર (લાડ) વરસાવતા રહે છે, એ જ રીતે માશૂક આત્મા પણ એમના લાડ ઝીલવા સદા તત્પર રહે છે. વળી, તે પોતાના દિલના લાડ પણ પોતાના પ્રાણપ્રીતમ તરફ સદા વ્યક્ત કરતી રહે છે, તો જ ઈશ્કની લીલા સંભવે !*

**જહાં આપ તહાં નજર, જહાં નજર તહાં મેહેર ।**
**મેહેર બિના ઔર જો કછૂ, સો સબ લગે જેહેર ॥૨૬॥**

હે ધણીજી! જ્યાં (જે આત્માના ધામહૃદયમાં) આપ સ્વયં બિરાજમાન છો, તેની ઉપર આપશ્રીની દિવ્યદૃષ્ટિ છે જ. વળી, જ્યાં



આપશ્રીની દિવ્યદૃષ્ટિ પડે છે ત્યાં આપશ્રીની મેહેર (આપશ્રીના હૃદયના તમામ લાડ) પણ વરસે જ છે. ત્યારે તે આત્માને માટે આપશ્રીની મેહેર વિનાની અન્ય કોઈપણ લૌકિક નિધિ ઝેર સમાન એટલે કે અગ્રાહ્ય લાગે છે તથા તેનું હૈયું પ્રતિક્ષણ બસ મેહેરની જ લીલા સર્વત્ર જોવા સદૈવ ઉત્સુક રહે છે.

**બાત બડી હૈ મેહેર કી, મેહેર હોએ ના બિના અંકૂર ।**
**અંકૂર સોઈ હક નિસબત, માહેં બસત તજલ્લા નૂર ॥૨૭॥**

આમ, અક્ષરાતીત પારબ્રહ્મની બાતૂની મેહેરનો મહિમા અપરંપાર છે. તેમની આ પ્રકારની પૂર્ણ મેહેર તો જેની અંદર શ્રી નિજધામનો મૂળ અંકુર હોય, એની ઉપર જ વરસે છે. આ અંકુર પણ એવો હોય, જેમાં પ્રિયતમ ધણીજી સાથેનો પર-આત્મિક સંબંધ જાગૃત થયો હોય અને પોતાનું કાયમી (મૂળ) નિવાસસ્થાન શ્રી અક્ષરાતીત પરમધામ છે એવી જેને આત્મસાક્ષીની પ્રતીતિ થઈ હોય! અન્ય સૌને તો તેમની કરણી મુજબ (સ્વભાવગત્) તથા શ્રી ધણીજીના હુકમ મુજબ માત્ર જાહેરી મેહેરથી જ પરિતૃપ્તિ થઈ જાય છે.

**જ્યોં મેહેર ત્યોં જોસ હૈ, જ્યોં જોસ ત્યોં હુકમ ।**
**મેહેર રહત નૂર બલ લિએ, તહાં હક ઈસ્ક ઈલમ ॥૨૮॥**

શ્રી ધામધણીજીની બાતૂની મેહેર જ્યારે આત્માના ધામહૃદયમાં બિરાજમાન થાય છે, ત્યારે ત્યાં તેમની જોશ(આવેશ) શક્તિ પણ અવશ્ય ઉપસ્થિત હોય છે. વળી, જ્યાં જોશની શક્તિ ઉપસ્થિત હોય, ત્યાં તેમની આદેશ(હુકમ) શક્તિ પણ હાજર હોય છે. જોશ અને હુકમની સાથે સાથે મેહેર થકી તે આત્માના ધામહૃદયમાં શ્રી ધણીજીનો ઈશ્ક પ્રસ્થાપિત થાય છે અને ઈશ્ક દ્વારા તેને જાગૃત (નિજબુધ્ધિયુક્ત) તારતમ જ્ઞાનની નૂરી શક્તિ પણ પ્રાપ્ત

થાય છે. આ રીતે, બાતૂની મેહેર સર્વ પ્રકારનું દિવ્યતમ્ બળ એકત્ર કરીને આત્માના ધામદિલમાં આવીને વસે છે.

**મીઠા સુખ મેહેર સાગર, મેહેર મેં હક આરામ ।**
**મેહેર ઈસ્ક હક અંગ હૈ, મેહેર ઈસ્ક પ્રેમ કામ ॥૨૯॥**

આમ, શ્રી ધામધણીજીના હૃદયરૂપી મેહેરસાગરનાં બાતૂની સુખ વિવિધ પ્રકારની મીઠાશ (સ્વાદ)થી પરિપૂર્ણ છે. શ્રી ધણીજીની આ મેહેરને આનંદરસમાં નિમગ્ન બનીને જ આત્મા અખંડ આરામ અનુભવે છે. વળી, ઈશ્ક તો મેહેરના સાગર એવા શ્રી ધણીજીનું અભિન્ન અંગ છે. તેથી તેઓ પોતાની આત્માઓને હરહંમેશ પોતાના ઈશ્ક દ્વારા અનેકવિધ તથા એક એકથી ચડિયાતા લાડ લડાવતા રહે છે. તેમની બાતૂની મેહેર જ ઈશ્કમાં પરિણમે છે, જે પુનઃ પ્રેમ સેવારૂપી કર્મ દ્વારા વ્યક્ત થાય છે અને ઉત્તરોત્તર પ્રગાઢ સ્વરૂપ ધારણ કરતી રહે છે.

**કામ બડે ઈન મેહેર કે, એ મેહેર ઈન હક ।**
**મેહેર હોત જિન ઉપર, તાએ દેત આપ માફક ॥૩૦॥**

આ રીતે મેહેરના કાર્યોની ગણના તેમજ તેની વિશેષતાનો મહિમા શબ્દાતીત છે, કારણ કે આ મેહેર અક્ષરાતીત પારબ્રહ્મ શ્રી રાજજીના હૃદયકમળમાંથી અસ્ખલિત રીતે પ્રવાહિત થતી રસધારા છે. માટે જ, જે આત્મા પર આ મેહેર વરસે છે,(જે આત્મા મેહેરનાં સર્વ કાર્યોની અનુભૂતિ કરી શકે છે.) તેને તે પોતાના મહિમાને અનુરૂપ અખંડ દિવ્ય ખજાનાથી પરિતૃપ્ત કરી દે છે. 'પૂરણબ્રહ્મ' હોય એવા અખંડ વરના લાડકોડમાં શી કમી હોય?



**મેહેરેં ખેલ બનાઈયા, વાસ્તે મેહેર મોમિન ।**
**મેહેરેં મિલાવા હુઆ, ઔર મેહેર ફરિસ્તન ॥૩૧॥**

પોતાની આનંદ સ્વરૂપા(અંગના) આત્માઓને પોતાના ઈશ્ક અને સાહ્યબીનો પરિચય કરાવી તેમને વિશેષ પ્રકારના લાડ લડાવવા માટે જ શ્રી ધણીજીએ પોતાની મેહેરપૂર્ણ દૃષ્ટિથી આ સંસારરૂપી ખેલની રચના કરી છે. તેમની બાતૂની મેહેરના પ્રતાપે જ પરમધામની બ્રહ્માત્માઓ જાગૃત થઈને સામૂહિક રીતે પુનઃ પોતાની પર-આત્મ(મૂલમિલાવા)માં ઉઠશે અને અક્ષરબ્રહ્મની સૂરતા સ્વરૂપ ઈશ્વરી સૃષ્ટિ (ફરિસ્તાઓ) પણ જાગૃત થઈ જશે.

**મેહેરેં રસૂલ હોએ આઇયા, મેહેરેં હક લિએ ફુરમાન ।**
**કુંજી લ્યાએ મેહેર કી, કરી મેહેરેં હક પહેચાન ॥૩૨॥**

શ્રી ધામધણીજીની બાતૂની મેહેર બ્રહ્માત્માઓ ઉપર વરસી ત્યારે જ તો મહંમદ રસૂલ સાહેબના તનમાં (અક્ષરબ્રહ્મની સૂરતાના માધ્યમે) શ્રી ધણીજીના સંદેશવાહક તરીકે આ સંસારમાં આગમન સંભવ્યું. તેમની બાતૂની મેહેરની વૃષ્ટિ માટે જ શ્રી ધણીજીએ કુરાન તથા હદીસો મારફતે સાંકેતિક સંદેશાઓ મોકલાવ્યા. ત્યારબાદ, શ્રી શ્યામાજી સ્વરૂપ નિજાનંદ સ્વામી ધણીશ્રી દેવચંદ્રજી દ્વારા તારતમજ્ઞાનરૂપી જે માસ્ટર કી(ચાવી) પ્રાપ્ત થઈ, તે પણ બ્રહ્માત્માઓ પર શ્રી ધણીજીની જે બાતૂની મેહેર થઈ છે એની જ સાક્ષી છે. આ તારતમરૂપી ચાવી થકી શ્રી ધણીજીના મૂળ સ્વરૂપ તથા ધામલીલા સંબધી પૂર્ણ ઓળખનાં દ્વાર ખુલ્યાં એ પણ તેમની બાતૂની મેહેરનો જ પ્રતાપ છે.

*સમસ્ત સંસારીજનોને શ્રી પ્રાણનાથજીના દિવ્યતમ 'અક્ષરાતીત' સ્વરૂપની વાસ્તવિક ઓળખ થઈ શકે તે માટે તેમના સ્વરૂપ અને ધામલીલા સંબંધિત સાક્ષીઓ સાકંતિકરૂપમાં હિંદુ*

*ધર્મગ્રંથોમાં તો ઉપલબ્ધ હતી જ. સાથે સાથે પાશ્ચાત્ય ધર્મગ્રંથો જેવા કે તૌરેત, અંજીલ(બાઈબલ) અને જંબૂરમાં પૂર્ણબ્રહ્મ (અલ્લાહ, Supreme Truth God કે અક્ષરાતીત) સાથે મુસા, ઈસુ ખ્રિસ્ત કે દાઉદ(ડેવીડ)નો સીધો વાર્તાલાપ તથા દર્શન થયાં હોય એવી કોઈ જ સાક્ષી ઉપલબ્ધ નહોતી. તે સર્વેમાં પણ સાંકેતિક વાતો માત્ર હતી. આ ઉણપ નિવારવા માટે પારબ્રહ્મના આદેશથી મહંમદ પયગંબર (અક્ષરબ્રહ્મની આત્મા)ને અક્ષરાતીતના પરમધામનો સાક્ષાત્કાર થયો. તેમને અક્ષરાતીતનાં દર્શન તથા તેમની સાથે વાર્તાલાપ (મેયરાજ) પણ થયો, જેનું વર્ણન કુરાનમાં બ્રહ્માત્માઓ(મોમિનો)ની આત્મસાક્ષી કાજે થયું. આમ, આત્મદૃષ્ટિથી જોતાં સર્વ ધર્મગ્રંથો પારબ્રહ્મના આદેશ થકી અવતરિત થયેલ છે. વળી, રસૂલ સાહેબનું આગમન તો પારબ્રહ્મની મેહેરના પ્રતાપે જ સંભવ્યું છે.*

**દઈ મેહરેં કુંજી ઈમામ કો, તીનોં મહંમદ સૂરત ।**
**મેહેરેં દઈ હિકમત, કરી મેહેરેં જાહેર હકીકત ॥૩૩॥**

બ્રહ્માત્માઓ ઉપર અપાર મહિમાવાન પારબ્રહ્મ શ્રી ધણીજી(મહંમદ)ની બાતૂની મેહેર થઈ તેથી જ (તેમના આદેશ થકી) તેમની વિવિધ શક્તિઓથી યુક્ત એવાં ત્રણ સ્વરૂપો (સૂરતો) પ્રગટ્યાં - અલફ(બસરી સૂરત), લામ(મલકી સૂરત) અને મીમ(હક્કી સૂરત). અર્થાત્ સત્(અક્ષર આત્મા સ્વરૂપ) કે જેણે મહંમદ સાહેબની અંતર્ગત રહીને અરબમાં લીલા કરી તે બસરી સૂરત. આનંદ (શ્રી શ્યામાજી) સ્વરૂપ કે જેણે સદ્ગુરુ નિજાનંદ સ્વામી ધણી શ્રી દેવચંદ્રજીની અંતર્ગત બિરાજીને નવતનપુરી મધ્યે જાગણીલીલાનાં બીજ રોપ્યાં તે મલકી સૂરત, અને ચિદ્ (શ્રી રાજજી) સ્વરૂપ કે જેણે શ્રી મેહેરાજજીની અંતર્ગત બિરાજીને દેશવિદેશમાં જાગણીલીલા કરી તે હક્કી સૂરત. શ્રી ધણીજીના આ પ્રથમ



સ્વરૂપ(બસરી) દ્વારા ઈશ્ક રબ્દની સાક્ષી પુરાવી, તો દ્વિતિય સ્વરૂપ(મલકી) દ્વારા તારતમજ્ઞાનનો ઉદય થયો.

હવે, સૌ આત્માઓ ઉપર વિશેષ પ્રકારની મેહેર કરવા માટે તૃતિય (હક્કી) સ્વરૂપ ઈમામ મહેંદી શ્રી પ્રાણનાથજીના હાથમાં શ્રી ધણીજીએ તારતમ જ્ઞાનની ચાવી સોંપી. શ્રી ધણીજીએ તેમને વિવિધ ધર્મગ્રંથોના વાસ્તવિક રહસ્યોને પ્રકાશિત કરવાની દિવ્ય કળા પણ બક્ષિસ કરી. જેના પરિણામે પારબ્રહ્મના સ્વરૂપ, ધામ અને લીલાની વાસ્તવિકતા (તેમની સાહ્યબી) જાહેર થઈ શકી છે.

**સો ફુરમાન મેહેરેં ખોલિયા, કરી જાહેર મેહેરેં આખિરત ।**
**મેહેરેં સમઝે મોમિન, કરી મેહેરેં જાહેર ખિલવત ॥૩૪॥**

પોતાની આત્માઓ ઉપર બાતૂની મેહેર કરવા માટે જ શ્રી ધણીજીએ પોતાની આદેશ શક્તિથી અવતરિત ધર્મગ્રંથો(વિશેષ કરીને કુરાન, શ્રીમદ્ ભાગવત, પુરાણસંહિતા, માહેશ્વરતંત્ર તથા બૃહદ્ સદાશિવસંહિતા આદિ)નાં વણઉકલ્યાં રહસ્યોના ખુલાસા હક્કી સ્વરૂપ શ્રી મહામતિજી થકી કરેલ છે. આ મેહેરના પ્રતાપે જ સંસારમાં અંતિમ સમયની લીલાનાં તથા અખંડ મુક્તિ સંબંધિત સ્પષ્ટીકરણો પ્રગટ થઈ શક્યાં છે. આત્મ જાગૃતિ (કયામત, કાયમી) સંબંધી મુખ્ય મુખ્ય નિશાનો પણ તારતમ જ્ઞાનના પ્રકાશમાં સ્પષ્ટ નજર આવી રહ્યાં છે. શ્રી ધણીજીની બાતૂની મેહેરને લીધે જ બ્રહ્માત્માઓ આ તમામ હકીકતોને કુલજમીય પરિપ્રેક્ષ્યમાં સમજી તેને હૃદયમાં ગ્રહણ કરી રહેલ છે. આ મેહેર થકી જ પરમધામ સ્થિત મૂલમિલાવાનું તથા ઈશ્ક રબ્દનું જ્ઞાન સંસારમાં જાહેર થઈ શક્યું છે.

*વેદ-કતેબ ધર્મગ્રંથોમાં અંતિમ (કાયમીનો) સમય આવ્યાની ખાસખાસ*

*નિશાનીઓ વિવિધ રૂપકો દ્વારા દર્શાવવામાં આવેલ છે. જે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય છેઃ*

***(૧) માનવીની મોહ-માયાજનિત વૃત્તિઓ સંબંધી નિશાનો :*** *વર્તમાન સમયમાં માનવીની મોહ-માયાજનિત વિકૃત તથા પાશવી વૃત્તિઓ તેની ચરમસીમાએ પહોંચેલી જણાય છે. (૧.૧) દયાહીનતા, ધર્મ-દાનવૃત્તિહીનતા, અહંકાર તથા સ્વાર્થભાવના, શાંત ચિત્તે વિવેકબુધ્ધિનો ઉપયોગ કર્યા વિના ભાવાવેશમાં આવીને ખોટી તથા નકારાત્મક વાતોને ત્વરિત ગ્રહણ કરી લેવાની વૃત્તિ, વાત-વાતમાં લડાઈ-ઝઘડો વહોરી લેવાની વૃત્તિ, કામુકતાપૂર્ણ દૃષ્ટિ (૧.૨) માયાવી શસ્ત્રોથી સજ્જ શ્રધ્ધાહીન મનુષ્યો ધર્મનાં મોટાં મોટાં સ્થાનોથી પ્રગટ થઈને વિશ્વભરમાં ફેલાઈ જશે. બાહ્યાડંબરી જડ કર્મકાંડી મુલ્લા, પાદરી, બ્રાહ્મણ અને સત્તાધીશોના દિલ પર મિથ્યા અહંકાર તથા બેઈમાની હરહંમેશ માટે છવાઈ જશે. આથી તેઓ સત્યના ખોજી તથા શ્રધ્ધાળુઓને તેમના માર્ગથી વિચલિત કરી, તેમને નિરાકાર-ક્ષર બ્રહ્માંડની સીમામાં જકડી રાખી નિત્યમુક્તિના આનંદથી વંચિત રાખશે. સત્ય-બ્રહ્મજ્ઞાન પ્રત્યે કોઇનો પણ વિશ્વાસ ટકી શકશે નહીં. છડેચોક પરંપરાગત કર્મકાંડનું જ પ્રાધાન્ય જોવા મળશે. (૧.૩) મનુષ્યના આત્મિક લક્ષ્યને ભૂલાવી દઈ દિવસ-રાત રૂપી બે પ્રાણીઓ (આજૂજ અને માજૂજ) તેમના અણમોલ જીવનનું ભક્ષણ કરી લેશે. તેમને ખબર પણ ન પડે તે રીતે મોહમાયાને સંતોષવામાં જ તેમનો હીરા-જન્મ વેડફાઈ જશે.*

***(૨) પારબ્રહ્મની શક્તિઓના આગમન તથા તેમનાં કાર્યો સંબંધી નિશાનો :*** *ઉપરોક્ત માનવીય વિકૃતિઓને દૂર કરવા માટે આખિરતના સમયમાં (૨.૧) પારબ્રહ્મનાં આનંદ સ્વરૂપા (શ્રી શ્યામાજી, રૂહ અલ્લાહ) તારતમજ્ઞાન (ઈલમ)ની દિવ્ય માસ્ટર કી લઈને પધારી ચૂક્યાં છે! (૨.૨) પારબ્રહ્મની જાગૃતબુધ્ધિનો દૂત (ફરિસ્તો) એ તારતમજ્ઞાનને પોતાની અમાપ શક્તિથી જાહેર કરી રહેલ છે, જેનાથી અહંકારના પ્રતીક સમાન પહાડો (મોટા મોટા ધર્માચાર્યો) જમીનદોસ્ત થઈ રહ્યા છે તથા કહેવાતા વિદ્વાનોનું નિરાકાર સુધીનું સીમિત જ્ઞાન આકડાના તૂલની માફક ઉડીને ક્યાંય ખોવાઈ જઈ રહ્યું છે. હકીકત(સત્ય) અને મારફત(પરમ સત્ય)ના જ્ઞાનના પ્રકાશમાં કર્મકાંડ આધારિત ધર્મો સમાપ્ત થઈ રહ્યા છે. (૨.૩) પારબ્રહ્મ પોતાની પૂર્ણ શક્તિઓ સહિત (ઈમામ મહેંદી કે બુધ્ધ નિષ્કલંક સ્વરૂપે) પ્રગટ થઈ ચૂક્યા છે. તેમના જ્ઞાનના પ્રકાશમાં માનવદેહ રૂપી કબરમાં સૂતેલ મોહ-માયાધીન*



*જીવો વિકારમુક્ત થઈ જાગી રહ્યા છે. એક આત્મધર્મ(નિજાનંદ)નો ઝંડો સૌના હૃદયમાં સ્થાપિત થઈ રહ્યો છે. સૌ કોઈમાં ઈમાન-શ્રધ્ધાનું વાસ્તવિક (કુલજમીય) સ્વરૂપ નિખરી રહ્યું છે. આમ, આ બંને પ્રકારનાં નિશાનો વર્તમાનમાં શ્રી ધણીજીની બાતૂની મેહેરના પ્રતાપે જ પ્રગટ થઈ રહ્યાં છે. આ કુલજમીય જ્ઞાનનું અનુસરણ કરીને બ્રહ્માંગનાઓ પોતાના નિજ સ્વરૂપમાં જાગ્રત થશે, ફરિસ્તાઓ-ઈશ્વરીસૃષ્ટિ પણ પોતાના ધામ વિષે પધારશે અને જીવસૃષ્ટિ પણ આ જ્ઞાનપ્રાપ્તિથી મહાપ્રલય બાદ અખંડ મુક્તિ મેળવશે. આ સમયને વેદ-કતેબમાં આખિરતનો સમય ગણાવ્યો છે.*

**એ મેહેર મોમિનોં પર, એહી ખાસલ ખાસ ઉમત ।**
**દઈ મેહેરેં ભિસ્ત સબન કો, સો મેહેર મોમિનોં બરકત ॥૩૫॥**

શ્રી ધણીજીની આ વાસ્તવિક મેહેર નિસ્બતી બ્રહ્મસૃષ્ટિ પર બેસુમાર વરસી રહી છે. આ મેહેરને પોતાના હૃદયમાં જતનપૂર્વક સાચવી રાખનારી એ આત્માઓને તેથી જ ખાસલખાસ એટલે સૌથી વિશેષ પ્રકારની સૃષ્ટિ કહી છે. માયાવી સંસારમાં આ બ્રહ્મસૃષ્ટિનું આગમન થવાના કારણે શ્રી ધણીજીએ પોતાની બાતૂની મેહેર તેમની ઉપર વરસાવી છે. એટલું જ નહીં, તે સૌના હાથે આ સંપૂર્ણ ક્ષર બ્રહ્માંડના જીવોને યોગમાયાના બ્રહ્માંડમાં વિવિધ સ્તરનાં મુક્તિસ્થાનો (ભિસ્તો)માં અખંડ મુક્તિ અપાવનાર પણ આ બાતૂની મેહેર જ છે.

**મેહેરેં ખેલ દેખ્યા મોમિનોં, મેહેરેં આએ તલે કદમ ।**
**મેહેરેં કયામત કર કે, મેહેરેં હઁસ કે મિલે ખસમ ॥૩૬॥**

શ્રી રાજજીએ પોતાની આત્માઓ ઉપર વિશેષ લાડપૂર્ણ મેહેર કરી છે તેથી જ તો તેમને આ માયાવી ખેલ જોવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. એ જ મેહેરના પ્રતાપે સૌ આત્માઓ શ્રી કુલજમ સ્વરૂપ બ્રહ્મવાણીનું જ્ઞાન હૃદયસ્થ કરી તેનું રસાસ્વાદન કરી મૂલમિલાવામાં બિરાજેલ પોતાના મૂળ પર-આત્મ સ્વરૂપમાં અર્થાત્ શ્રી યુગલ સ્વરૂપ શ્રી રાજશ્યામાજીના શ્રી ચરણોમાં પુનઃ જાગૃત થઈ રહી છે. શ્રી

ધણીજીની આ વાસ્તવિક મેહેરના પ્રતાપે જ બ્રહ્માત્માઓ સમસ્ત સૃષ્ટિજીવોને અખંડ મુક્તિનું સૌભાગ્ય પ્રદાન કરી શકશે. *મુક્ત દેસી બ્રહ્માંડ કો, આએ બ્રહ્મઆતમ સત । કિરંતન - ૭૬/૧.* અંતતઃ તેઓ પોતાના શ્રી નિજધામમાં પોતાના પ્રિયતમ ધણીજીનાં શ્રી ચરણોમાં જાગૃત થઈ તેમની સાથે અપાર હાસ્યવિનોદનું સુખ માણશે.

**મેહેર કી બાતેં તો કહૂં, જો મેહેર કો હોવે પાર ।**
**મેહેરેં હક ન્યામત સબ માપી, મેહેરેં મેહેર કો નહીં સુમાર ॥૩૭॥**

હે સાથજી! શ્રી ધણીજીની મેહેરના આ વાસ્તવિક અને ગુહ્યતમ સ્વરૂપના મહિમાનું હું કેટલું વર્ણન કરું? તેનું પર્યાપ્ત વર્ણન તો ત્યારે જ થઈ શકે જ્યારે એ મેહેરને કોઈપણ રીતે સીમાબધ્ધ કરી શકાય! શ્રી ધણીજીની મેહેર થકી જ મેં તેમના હૃદયધામમાં વસેલી તમામ પ્રકારની શબ્દાતીત નિધિઓની ઓળખ કરી તેને શબ્દોમાં વ્યક્ત કરવાનો માત્ર જૂજ પ્રયાસ કર્યો છે. આ પ્રમાણે શ્રી ધણીજીના સ્વરૂપ સમાન મેહેરસાગરમાંથી પ્રવાહિત થતી અનેકવિધ મેહેરનો કોઈ માપતોલ (સ્વયં મેહેરથી પણ) થઈ શકે તેમ નથી.

**જો મેહેર ઠાઢી રહે, તો મેહેર માપી જાએ ।**
**મેહેર પલ મેં બઢે કોટ ગુની, સો ક્યોં મેહેરેં મેહેર મપાએ ॥૩૮॥**

જો શ્રી ધણીજીની મેહેર પલભર માટે પણ શાંત સમુદ્રની માફક સ્થિર થઈ શકતી હોય તો તો તેની ઊંડાઈ તથા ક્ષેત્રફળની મોજણી કરી શકાય. શ્રી ધણીજીના હૃદયકમળમાંથી પોતાની આત્માઓ માટે અવિરતપણે છલકાતી આ મેહેર તો એક પલભરમાં કરોડો ગણી વૃદ્ધિ પામે છે. અર્થાત્ શ્રી રાજજીની સપ્તવિધ મેહેર-નૂરી જાહોજલાલી, તેમના હૃદયનો આનંદ, એકાત્મભાવ, પરમશાંતિપ્રદ શોભા-શ્રૃંગાર, ઈશ્ક(પ્રેમ)પૂર્ણ જાગૃતિયુક્ત ઈલમ અને મૂળ આત્મિક નિસ્બત પણ મેહેરના પૂર્ણ સ્વરૂપનો તાગ મેળવી શકે તેમ નથી.



**મેહેરેં દિલ અર્સ કિયા, દિલ મોમિન મેહેર સાગર ।**
**હક મેહેર લે બૈઠે દિલ મેં, દેખો મોમિનોં મેહેર કાદર ॥૩૯॥**

શ્રી ધણીજીની બાતૂની મેહેર આત્માઓ પર અનેક પ્રકારના રસ-રંગ સહિત વરસવાને કારણે જ તેમનું દિલ શ્રી પિયુજીનું ધામ એટલે કે ‘ધામદિલ’ બન્યું છે. અતઃ આત્માનું ધામદિલ પણ મેહેરસાગરનું જ સ્વરૂપ બની ગયું છે. હે સુંદરસાથજી! મહાસમર્થ એવા શ્રી રાજજી મહારાજની મેહેરના ‘કુલજમીય’ સ્વરૂપને જુઓ તો ખરા! તેઓશ્રી આપણને (પોતાની રૂહોંને) રીઝાવવા માટે પોતાના દિલમાં કેવી અનંત પ્રકારની મેહેર ભરીને આપણા ધામહૃદયમાં બિરાજમાન થઈ ગયા છે!

**બાત બડી હૈ મેહેર કી, હક કે દિલ કા પ્યાર ।**
**સો જાને દિલ હક કા, યા મેહેર જાને મેહેર કો સુમાર ॥૪૦॥**

આમ, શ્રી ધણીજીની બાતૂની મેહેરનો મહિમા તો અપાર છે; કારણ કે આ તો પારબ્રહ્મ ધણીજીના દિલના ગુહ્યતમ પ્યારની જ વિશુધ્ધ અભિવ્યક્તિ છે. પોતાની આત્માઓ પ્રત્યે વ્યક્ત થતી પારબ્રહ્મ પ્રિયતમની મહોબ્બત, પ્યાર કે અનુકંપા એ જ મેહેર છે. પિયાજીના પ્યારના આ સ્વરૂપનો વાસ્તવિક મહિમા કાં તો મેહેરબાન ધણીજીનું પોતાનું દિલ જાણે અથવા તો સ્વયં મેહેર જ તેમની બાતૂની મેહેરનો મહિમા યથાર્થ રીતે જાણી શકે.

**જો એક વચન કહૂઁ મેહેર કા, લે મેહેર સમઝિયો સોએ ।**
**અપાર ઉમર અપાર જુબાંએ, મેહેર કો હિસાબ ન હોએ ॥૪૧॥**

હે સુંદરસાથજી! હવે આપ સૌ એ નિશ્ચિત જાણજો કે જો હું મેહેરના મહિમા વિશે એક પણ વચનનું ઉચ્ચારણ કરી શકીશ તો તે શ્રી ધામધણીજીની મેહેરના પ્રતાપે જ શક્ય બનશે! અન્યથા મારા પોતાના બળ થકી આ મેહેરનું વર્ણન થઈ શકે એ સંભવિત નથી જ.

અરે! મારા આ નશ્વર શરીરને જો અનંત ઉંમર મળી જાય, અને મારા મુખમાં અનંત જીહ્વાઓ પ્રાપ્ત થઈ જાય, તો પણ મારાથી શ્રી ધણીજીની મેહેરનું યથાર્થ વર્ણન કે તેના મહિમાનો હિસાબ કરવો શક્ય નથી.

**નિપટ બડા સાગર આઠમા, એ મેહેર કો નીકે જાન ।**
**જો મેહેર હોએ તુઝ ઉપર, તો મેહેર કી હોય પેહેચાન ॥૪૨॥**

હે મારી આત્મા! તું આ વાતને સારી રીતે સમજી લે કે શ્રી રાજજીના દિલનો આ આઠમો સાગર મેહેરનો સાગર છે, જે નિશ્ચિતરૂપે સર્વથા અત્યંત મહાન છે. શ્રી રાજજીની બાતૂની મેહેરની વાસ્તવિક ઓળખ ત્યારે જ સંભવી શકે, જ્યારે તારા પર તેમની પૂર્ણ મેહેર વરસી હોય.

**સાત સાગર બરનન કિએ, સાગર આઠમા બિના હિસાબ ।**
**એ મેહેર કો પાર ન આવહીં, જો કઈ કોટ કરૂઁ કિતાબ ॥૪૩॥**

હે આત્મા! શ્રી રાજજીની સર્વાંગી મેહેરના સાગરનું વર્ણન કરતાં પૂર્વે મેં તેમના મારફત સ્વરૂપ (પરમ સત્ય સ્વરૂપ) હૃદયકમળમાંથી પ્રવાહિત સાત સાગરોનું વર્ણન તો કર્યું, પરંતુ આ આઠમો સાગર તો સર્વ રીતે અનંત છે. તેનું વર્ણન કરવા માટે જો હું કરોડો ગ્રંથો લખું તો પણ શ્રી ધણીજીના પૂર્ણ સ્વરૂપ એવા આ મેહેરસાગરનું પર્યાપ્ત વર્ણન સંભવિત છે જ નહિ.

**એ મેહેર મોમિન જાનહીં, જિન ઉપર હૈ મેહેર ।**
**તાકો હક કી મેહેર બિના, ઔર દેખેં સબ જેહેર ॥૪૪॥**

શ્રી ધણીજીની આ પૂર્ણ મેહેરને માત્ર એ બ્રહ્માત્માઓ જાણે છે કે જેમના ધામહૃદયમાં તે મેહેરની વર્ષાનો અનુભવ થાય છે. આ આત્માઓને સર્વત્ર મેહેર જ મેહેરનો વિસ્તાર દેખાય છે. તેમના માટે



મેહેર સિવાયનું બધું જ અગ્રાહ્ય કે વિષતુલ્ય બની રહે છે.

**મહામત કહે એ મોમિનોં, એ મેહેર બડા સાગર ।**
**સો મેહેર હક કદમોં તલે, પિઓ અમીરસ હક નજર ॥૪૫॥**

સચ્ચિદાનંદ સ્વરૂપ પારબ્રહ્મ અક્ષરાતીતની પંચ-દિવ્ય શક્તિઓથી વિભૂષિત શ્રી મહામતિજી કહે છે કે હે સુંદરસાથજી! શ્રી ધણીજીની પૂર્ણ મેહેરનો આ સાગર અનંત અને અથાગ છે. આપ સૌ હવે શ્રી ધણીજીની બ્રહ્મવાણીનું ચિંતન અને મનન કરી તેમનાં શ્રી ચરણોમાં અનન્ય શ્રધ્ધા (ઈમાન)પૂર્વક સમર્પિત થઈ જાઓ. શ્રી નિજધામ સ્વરૂપ અને લીલાના ચિતવન દ્વારા હૃદયમાં વિરહાગ્નિ પ્રગટાવી તેમના ઈશ્ક-પ્રેમની લજ્જત માણો અને તેમના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરો... શ્રી ધણીજીના હૃદયમાંથી મેહેરસાગરની લહેરો આપના ધામહૃદયમાં પ્રવાહિત થતી અનુભવો! અતઃ તેમની દિવ્યદૃષ્ટિથી મેહેરની અમૃતમય રસધારાનું પાન કરી કૃતકૃત્ય થાઓ.............*પીઓ અમીરસ હક નજર.*

# શ્રી મેહેર સાગરના શબ્દોના અર્થ

| | |
|---|---|
| મેહેર | મહેર, પરબ્રહ્મ ધણીની આત્માઓને લાડ-પ્રેમ કરવાની અખંડ વૃત્તિ, કૃપા, અનુગ્રહ, *Grace* |
| સમેત | સહિત |
| હુકમ | પરબ્રહ્મની આદેશ શક્તિ, *Will, Command* |
| જોશ | પરબ્રહ્મની પ્રેરક શક્તિ, આવેશ |
| ઈશ્ક | પરબ્રહ્મના હૃદયકમળમાં રહેલ પ્રેમનું સ્ત્રોત, પ્રેમનો જનક |
| ઈલમ | તારતમજ્ઞાન, પરબ્રહ્મના હૃદયના ગુપ્ત ભાવોને પ્રકાશિત કરતું વિજ્ઞાન, આત્મજાગૃતિ માટે અવતરેલ બ્રહ્મવિદ્યા, ખુદાઈ ઈલમ |
| હક | પરબ્રહ્મ, જે ક્ષર(નિરાકાર), અક્ષર(અખંડ સત્ અંગ)થી પરે અક્ષરાતીત શુધ્ધ- સાકાર સ્વરૂપ છે તે. |
| કહા ચાહિયત | શું જોઈએ? |
| અસલ | મૂળ, પરમધામ સંબંધી |
| નિસબત | મૂળ દિવ્ય સંબંધ |
| તિત | ત્યાં |
| જિત | જ્યાં |
| અવ્વલસે | મૂળથી જ |
| જલૂસ | શોભાયાત્રા |
| ખસમ | પરબ્રહ્મ અક્ષરાતીત |
| જેહેર | ઝેર, વિષ |
| દોઉ | બંને પ્રકારની |



| | |
|---|---|
| જહૂર | ઉપરકા જહૂર, બાહ્ય પહેચાન, ચમત્કાર આદિ બાહ્ય ભપકો |
| બાતૂની | ગુહ્ય, આત્મિક કક્ષાની મેહેર, પરોક્ષ |
| જાહેરી | ગુણ, અંગ, ઈન્દ્રિયો દ્વારા અનુભવાતી પ્રત્યક્ષ મેહેર |
| પાંચ તત્ત્વ | આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી |
| પિંડ | પંચભૌતિક તન, શરીર |
| બ્રહ્માંડ | ત્રિગુણી સંસાર, ચૌદ લોકનો સ્થૂળ તેમજ સૂક્ષ્મ સંસાર |
| દુઃખ | શારીરિક, માનસિક, સ્થાવર-જંગમ પદાર્થોથી ઉત્પન્ન તથા દૈવી પ્રાકૃતિક પ્રકારનાં દુઃખો, જે જીવમાત્ર અનુભવે છે. |
| દાયમ | કાયમ, હંમેશાં |
| હજૂર | પ્રત્યક્ષ |
| વજૂદ | પંચભૌતિક શરીર |
| ગુણ | સત્વ, રજસ અને તમ - ત્રિગુણ |
| અંગ | અંતઃકરણ - મન, ચિત્ત, બુધ્ધિ, અહંકાર |
| ઈન્દ્રિયો | ૫ કર્મેન્દ્રિયો (હાથ, પગ, મોં, પ્રજનન, ગુદા), ૫ જ્ઞાનેન્દ્રિયો (કાન, જીહ્વા, નાસિકા, ત્વચા, આંખ) ૫ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, ગંધ, રૂપ, રંગ) |
| રૂહ | આત્મા |
| સુરતા | આત્મ-દૃષ્ટિ |
| બૂદ | અખંડ, નૂરી |
| નાબૂદ | નાશવંત |
| બંદગી | ભક્તિ, પ્રેમ |

| | |
|---|---|
| જિકર | સ્મરણ |
| સિફત | વખાણ, મહિમાનું ગાયન |
| ખિલવત | આત્મા-પરમાત્માનું મિલન સ્થાન, શ્રી રાજજીનું હૃદય, શ્રી શ્યામાજી, ગુહ્ય વાર્તાલાપ |
| બરકત | ના પ્રભાવે, કૃપા પ્રસાદી |
| મતા | સ્તર, ક્ષમતા |
| મગજ | ગુહ્ય ભેદો |
| ન્યામત | બક્ષીસ, ખજાનો, નિધિ |
| નિમખ | નિમેષ, પળ માત્ર |
| અંકૂર | સબંધ, ત્રિવિધ સબંધ (જીવ, ઈશ્વરી, બ્રહ્મ) |
| નૂર બળ | તારતમજ્ઞાનનું બળ |
| કામ | દિવ્ય કામ(૨૯) કાર્ય (૩૦) |
| ફરિસ્તન | ફરિસ્તાઓ, ઈશ્વરી સૃષ્ટિ |
| રસૂલ | સંદેશવાહક |
| ફુરમાન | આદેશપત્ર, કુરાન, શ્રીમદ્ભાગવત આદિ સાક્ષીરૂપ ધર્મગ્રંથો કુંજ તારતમજ્ઞાન |
| ઈમામ | શ્રી પ્રાણનાથજી |
| મહંમદની સુરત, ત્રણ | અક્ષર આત્મ(બસરી રસૂલ, સત્) શ્યામાજી સ્વરૂપ (મલ્કી, આનંદ) અને ત્રણ સૂરત શ્રી રાજજી (ચિદ્, હકી) સ્વરૂપ આ ત્રણ પરબ્રહ્મની સૂરત કહેવાય છે. |
| હિકમત | કળા, યુક્તિ |
| મારફત | પરમ સત્ય, એક-અદ્વૈત પરબ્રહ્મ, હકીકતનો સ્રોત, ધામધણીનું વિજ્ઞાન |



| | |
|---|---|
| હકીકત | સત્ય, અખંડ પરમધામ (૨૫ પક્ષ યુક્ત), મારફત સ્વરૂપ શ્રીરાજજીનું પ્રગટ વિસ્તૃત સ્વરૂપ |
| આખિરત | આત્મ-જાગૃતિનો અંતિમ સમય |
| ખાસલખાસ | સૌથી વિશેષ એવી બ્રહ્મસૃષ્ટિ |
| ઉમત | ઉમ્મત, સૃષ્ટિ |
| ભિસ્ત | અખંડ મુક્તિસ્થાન (આઠ) જેનાથી પરે આત્માનું નિજઘર છે. |
| મોમિન | બ્રહ્માત્મા, સુંદરસાથ |
| કયામત | કાયમી, અખંડ સુખ પ્રાપ્તિનો અવસર |
| ઠાઢી | શાંત, સ્થિર |
| અર્સ | શ્રેષ્ઠ બેઠક, સિંહાસન, ધામ |
| કાદર | સર્વ સમર્થ, સક્ષમ |
| સુમાર | અપાર મહિમા |
| નિપટ | ચોક્કસ પણે, અનંત |
| નીકે | નિશ્ચિત રૂપે |
| મહામતિ | મહામત, પરબ્રહ્મની પંચનિધિ - જોશ, હુકમ, ઈલમ, નિસ્બત, જાગૃત-નિજબુધ્ધિ યુક્ત આત્મા |
| અમીરસ | અમૃતમય રસધારા |

## Meher Sagar : Ocean of Divine Grace

*Mahaamati, the one ornamented with Sat Chit Ananda Lord Akasharateet's five-fold divine powers, says: "O sundersathji! O Atman! Now, try to meditate upon the Ocean of Grace which is actually the culmination of all infinite and eternal treasures hidden in our Darling Lord's ocean-like heart. Experience the loving embrace of each wave that is unceasingly emanating from this amazing Ocean. Then discover the multi-fold divine joy of ultimate beauty and magnificence of the Lord Par-Brahmn's supremely gracious Swaroop (divine form)."*

*"Look! His Ocean of Grace is shining with all of His eternal riches such as divine splendor (noor), pure beauty (neer), holy oneness (kheer), eternal bliss (dadhi), pure love (ishak, ghrut), spotless knowledge (elam, madhu), and the joy of lasting intimacy (nisbat, rus). Allow your spiritual eyes to see how intimately and distinctively these waves can drench your heart in the purest eternal bliss consciousness."*

*Essentially speaking, Grace is the spontaneous 'process' of perpetual flow of the infinite eternal treasures from the God's (One Par-Brahmn's) heart to the Atman's (Brahmn Srushti's) heart. The waves of this Ocean of Grace cuddles the Atman with divine bliss in countless ways such as: through the glimpses of the Lord's divine Swaroop and the Swaroop of one's own Par-Atman (the Swaroop seating in God's lotus-feet), through the inner experience of oneness with God (eak-dili) in totality, by allowing the birth of pure stream of selfless unparalleled love in heart, by being awakened in the self-intellect of the Beloved Lord, and through the diverse tastes of the divine juices oozing out of her (Atman's) most intimate relationship with the Lord, who is loving called 'Shri Rajji.'*

*Dear Atman! Come, and feel the distinct joy of the blissful 'holy hug' that each wave of this Ocean of Grace is offering to you.*

Aur sâgar jo meher kâ, so shobhâ ati let |
Lehereñ âveñ meher sâgar, khûbî sukh samet ||1||

Hukam meher ke hâth meñ, josh meher ke añg |
Ishak âve meher se, besak ilam tin sañg ||2||

Pûrî meher jit hakk kî, tit aur kahâ châhiyat |
Hakk meher tit hot hei, jit asal hei nisbat ||3||

Meher hot avval se, ithîñ hot hukam |
Jalûs sâth sab tinke, kachhû kamî na karat khasam ||4||

E khel huâ meher vâste, mâheñ khelâe sab meher |
Jâthañ meher judî huî, tab hot sab jeher ||5||

Doû meher dekhat khel meñ, lok dekheñ ûpar kâ jahûr |
Jâe andar meher kachhû nahîñ, âkhir hot hakk se dûr ||6||

Meher soî jo bâtûnî, jo meher bâher aur mâheñ |
Aâkhir lag taraf dhanî kî, kamî kachhûe âvat nâheñ ||7||

Meher hot hei jin par, meher dekhat pâñchoñ tatwa |
Piñd brahmând sab meher ke, meher ke bîch basat ||8||

Dukha rûpî in jimî meñ, dukh na kâhûñ dekhat |
Bât badî hai meher kî, jo dukh meñ sukh levat ||9||

Sukh meñ to sukh dâyan, par swâd na âvt ûpar |
Dukh âve sukh âvat, so meher kholat najar ||10||

In dukh jimî meñ baimhake, mehereñ dekheñ dukh dûr |
Kâyam sukh jo hak ke, so meher karat hajûr ||11||

Mein dekhyâ dil vichâr ke, ishak hakk kâ jit |
Ishak meher se âiyâ, avval meher hei teet ||12||

Apanâ ilam jin det hei, so bhî meher se besak |
Meher sab vidh lyâvat, jit hukam josh meher hakk ||13||

Jâko let hei meher meñ, tâe pehele meherañ banâveñ vajûd |
Gun añg iñdrî meher kî, rûh meher fûñkat mâhañ bûd ||14||

Meher siñghâsan beithak, aur meher chamvar sir chhatra |
Sohobat sainyâ meher kî, dil châhe meher vâjañtra ||15||

Bolî bolâveñ meher kî, aur meherai kâ chalan |
Rât din doû meher meñ, hoe meherañ milâvâ rûhan ||16||

Bañdagî jikar meher kî, e meher hakk hukam |
Rûheñ baithî meher chhâyâ mine, pieñ meher ras ishak ilam ||17||

Jit meher tit sab hai, meher avval lag âkhir |
Sohobat meher devahîñ, kahûñ meher sifat kyoñ kar ||18||

E jo dariyâ meher kâ, bâtûn jâher dekhat |
Sab sukh dekhat tahâñ, meher jit basat ||19||

Bîch nâbûd dunî ke, âî mehere hakk khilavat |
Tin se sab kâyam hue, meherai kî barkat ||20||

Baranan krûñ kyoñ meher kî, sifat nâ pohoñchat |
E meher hakk kî bâtûnî, najar mâheñ basat ||21||

E meher karat sab jâher, sab kâ matâ tolat |
Jo kin kânoñ nâ sunyâ, so meher magaj kholat ||22||

Varanan karûñ kyoñ meher kî, jo basat hakk ke dil |
Jâko dil meñ let haiñ, tahâ âvat nyâmat sab mil ||23||

Varnan karûñ kyoñ meher kî, jo vasat hai mâheñ hakk |
Jâko nivajeñ meher meñ, tâe det âp mâfak ||24||

Bât badî hai meher kî, jit meher tit sab |
Nimakh nâ chhodeñ najar se, in ûpar kahâ kahûñ ab ||25||

Jahâñ âp tahâñ najar, jahâñ najar tahâñ meher |
Meher binâ aur jo kachhû, so sab lage jeher ||26||

Bât badî hai meher kî, meher hoe nâ binâ añkûr |
Añkûr soî hakk nisabat, ,mâheñ basat tajallâ nûr ||27||

Jyoñ meher tyoñ josh hai, jyoñ josh tyoñ hukam |
Meher rehet nûr bal lie, tahâñ hakk ishak ilam ||28||

Mîtha sukh meher sâgar, meher meñ hakk ârâm |
Meher ishak hakk añg hai, meher ishak prem kâm ||29||

Kâm bade in meher ke, e meher in hakk |
Meher hot jin ûpar, tâe det âp mâfak ||30||

Meherañ khel banâiyâ, vâste meher momin |
Meherañ milâvâ huâ, aur meher faristan ||31||

Meherañ rasûl hoe âiyâ, meherañ hakk lie furamân |
Kuñjî lyâe meher kî, karî meherañ hakk pehechân ||32||

Daî meherañ kuñjî imâm ko, tînoñ mahñmad sûrat |
Meherañ daî hikmat, karî meherañ jâher hakîkat ||33||

So furamân meherañ kholiyâ, karî jâher meherañ âkhirat |
Meherañ samajhe momin, karî meherañ jâher khilwat ||34||

E meher mominoñ par, ehî khâsal khâs ummat |
Daî meherañ bhist saban ko, so meher mominoñ barkat ||35||

Meherañ khel dekhyâ mominoñ, meherañ âe tale kadam |
Meherañ kayâmat karake, meherañ hanske mile khasam ||36||

Meher kî bâteñ to kahûñ, jo meher ko hove pâr |
Mehereñ hakk nyâmat sab mâpî, mehereñ meher ko nahîñ sumâr ||37||

Jo meher thadhî rahe, to meher ,mâpî jâe |
Meher pal meñ badhe kot gunî, so kyoñ mehereñ meher mapâe ||38||

Mehereñ dil arsh kiyâ, dil momin meher sâgar |
Hakk meher le baithe dil meñ, dekho mominoñ meher kâdar ||39||

Bât badî hai meher kî, hakk ke dil kâ pyâr |
So jâne dil hakk kâ, yâ meher jâne meher ko sumâr ||40||

Jo ek vâchan kahûn meher kâ, le meher samjhiyo soe |
Apâr umar apâr jubâñe, meher ko hisâb na hoe ||41||

Nipat bada sâgar âthamâ, e meher ko nîke jân |
Jo meher hoe tujha ûpar, to meher kî hoy pehechân ||42||

Sât sâgar barnan kie, sâgar âthmâ binâ hisâb |
E meher ko pâr na âvahîñ, jo kaî kot karûn kitâb ||43||

E meher momin jânahîñ, jin ûpar hai meher |
Tâko hakk kî meher binâ, aur dekheñ sab jeher ||44||

Mahâmat kahe e mominoñ, e meher bada sagar |
So meher hakk kadamoñ tale, pio amîras hakk najar ||45||

| Bolo Shri Prannath Pyare Ki Jai |

